| | | |
|---|---|---|
| દાખલ તારીખ | : | ૧૨–૦૨–૨૦૧૫ |
| રજિ.લીધા તારીખ | : | ૧૨–૦૨–૨૦૧૫ |
| ફેંસલ તારીખ | : | ૨૯–૧૧–૨૦૧૯ |
| સમયગાળો | : | વર્ષ – માસ – દિવસો |
| | | ૦૪ – ૦૯ – ૧૭. |

## સુરેન્દ્રનગરના સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટમાં, મુકામ – સુરેન્દ્રનગર.

**સેશન્સ કેસ નં.૧૦/૨૦૧૫.**

**આંક –૧૨૪.**

શ્રી સ ર કા ર. ...ફરિયાદી.

વિરૂદ્ધ

૧. રહીમભાઈ મહમદભાઈ ભટ્ટી (મીયાણા)
ઉ.વ.આ.૪૨,
૨. રફીકભાઈ રહીમભાઈ ભટ્ટી (મીયાણા)
ઉ.વ.આ.૨૧,
૩. ઈમરાનભાઈ રહીમભાઈ ભટ્ટી (મીયાણા)
ઉ.વ.આ.૨૩, ધંધો–મજૂરી,
નં.૧ તથા નં.૨ રહે.ઘાંચીવાડ
ખાટકી વાડ શેરી નં.૧, સુરેન્દ્રનગર.
નં.૩ રહે.ઘાંચીવાડ, ખાટકીવાડ શેરી નં.૨
સુરેન્દ્રનગર. ...આરોપીઓ.

**ગુન્હો:**– ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૭–૩૨૩–૫૦૪–૧૧૪ તથા ગુજરાત પોલીસ ધારાની કલમ ૧૩૫ મુજબ.

**એ ડ વો કે ટ સ :–**
શ્રી સરકાર (ફરિયાદી)તરફે વિદ્વાન એપીપીશ્રી એન.ડી.કારીયા.
આરોપીપક્ષ તરફે વિદ્વાન વ.શ્રી ડી.પી.પાઠક.

## :: ચુકાદો ::

**૧.** આરોપીઓ વિરુદ્ધ સુરેન્દ્રનગર સિટી એ–ડિવિઝન પો.સ્ટે.ફર્સ્ટ–ગુ.ર.નં. ૧૮૩/૨૦૧૪ થી ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૭–૩૨૩–૫૦૪–૧૧૪ તથા ગુજરાત પોલીસ ધારાની કલમ ૧૩૫ મુજબનો ગુન્હો દાખલ થયેલ છે.

**૨.** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં વિગત એવી છે કે તા.૧૨–૧૧–૨૦૧૪ નાં કલાક ૧૦–૩૦ નાં સુમારે સુરેન્દ્રનગર શાક માર્કેટ પાસે ખીજડીયા હનુમાન સામે ફરિયાદી રમજાન રસુલભાઈ જેડાને આરોપી નં.૧ નાંએ શાક માર્કેટમાં આવવાની ના પાડેલ હોવાછતાં શાક માર્કેટમાં પુંઠા લેવા આવતા "તું કેમ અહી આવ્યો" તેમ કહી આરોપી નં.૧ નાંએ ફરિયાદીને જેમ ફાવે તેમ ગાળો આપેલ અને તે વખતે આરોપી નં.૨–૩ નાંઓએ ફરિયાદીને બન્ને હાથે પકડી રાખતા આરોપી નં.૧ નાંએ પ્રથમ લાકડાના ધોકા વડે ડાબા પગના ગોઠણની નીચે એક ઘા મારી સાદી ઈજા કરેલ અને બાદમાં આરોપી નં.૧ નાંએ તેમની કમ્મરમાંથી છરી કાઢી ફરિયાદીનું મોત નિપજાવવાના ઈરાદે ફરિયાદીના શરીરના મર્મ ભાગ એવા ગળાની ડાબી બાજુએ કાનની નીચે અને ગરદન વચ્ચે છરીનો એક ઘા મારી ગંભીર પ્રકારની ઈજા પહોંચાડેલ તથા બનાવના અરસામાં સુરેન્દ્રનગર જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીનું હથિયારબંધીનું જાહેરનામુ અમલમાં હોવાછતાં આરોપી નં.૧ નાંએ જાહેરમાં છરી જેવું જીવલેણ હથિયાર ગુન્હો કરવાના ઈરાદે ધારણ કરેલા અને તેમ કરીને આરોપીઓએ ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૭–૩૨૩–૫૦૪–૧૧૪ તથા ગુજરાત પોલીસ ધારાની કલમ ૧૩૫ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે અને ફરિયાદીની તે મુજબની ફરિયાદ આધારે તપાસ કરનાર અમલદારે લાગતા–વળગતા સાહેદોના નિવેદનો નોંધી આરોપીઓ વિરુદ્ધ પૂરતો પુરાવો જણાતા સુરેન્દ્રનગરનાં વિદ્વાન ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રીની કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરેલ અને તે અદાલતને આરોપીઓ વિરુદ્ધનો કેસ ચલાવવાની હકૂમત નહી હોય ક્રિ.પ્રો.કોડની કલમ ૨૦૯ હેઠળ અત્રેની કોર્ટમાં કમિટ કરેલ જેનો સે.કે.નં.૧૦/૨૦૧૫ પડેલ.

**૩.** આરોપીઓ અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં તેમને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૦૭ મુજબ પોલીસ તપાસના તમામ કાગળોની નકલો વિના મુલ્યે મળી ગયાની

ખાત્રી કરી આંક–૫ થી આરોપીઓ વિરુદ્ધ તહોમતનામું ફરમાવવામાં આવેલ અને આંક–૬ થી આંક–૮ સુધી આરોપીઓની પ્લી રેકર્ડ કરવામાં આવી જેમાં આરોપીઓએ ગુન્હો કબૂલ રાખેલ નથી અને સ્વખર્ચે વકીલ રોકી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરેલ જેથી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો પૂરો થયા બાદ ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ હેઠળ આરોપીઓના વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીઓએ ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો તેમની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલાની વાત ખરી હોવાનું જણાવેલ છે જયારે ફરિયાદપક્ષે તેમની વિરુદ્ધ રજૂ કરેલ સમગ્ર પુરાવો ખોટો હોવાનું તેમજ તેઓ તદ્દન નિર્દોષ હોવાનું અને તેઓએ કહેવાતો કોઈ ગુન્હો કરેલ નહીં હોવાનું અને તેમની ઉપર ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે.

**૪.** ફરિયાદપક્ષ તરફે આરોપીઓ સામેનો આરોપ નિઃશંકપણે પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રેકર્ડ ઉપર ઉપસ્થિત કરવામાં આવેલ છે.

## <u>મૌખિક પુરાવો</u>

| *સા.નં.* | *આંક* | *સાહેદનું નામ* |
|---|---|---|
| ૧ | ૧૭ | પંચ રુસ્તમભાઈ ઉસ્માનભાઈ કોરડીયાની જુબાની |
| ૨ | ૨૨ | પંચ મહેબુબભાઈ ઉંમરભાઈ મોવરની જુબાની |
| ૩ | ૨૫ | પંચ જેરામભાઈ મોહનભાઈ વાઘેલાની જુબાની |
| ૪ | ૨૬ | પંચ મનોહરભાઈ વિરજીભાઈની જુબાની |
| ૫ | ૨૯ | પંચ મહેબુબભાઈ ઉંમરભાઈની જુબાની |
| ૬ | ૩૦ | પંચ સલીમભાઈ અબ્દુલભાઈની જુબાની |
| ૭ | ૩૩ | પંચ હૈદરભાઈ મહમદભાઈની જુબાની |
| ૮ | ૩૪ | પંચ રાજેશકુમાર બાબુલાલ શાહની જુબાની |
| ૯ | ૩૭ | પંચ અશોકકુમાર ત્રંબકલાલની જુબાની |
| ૧૦ | ૩૮ | ડો.શંભુકુમાર બાબુલાલ રાયની જુબાની |
| ૧૧ | ૪૪ | સાહેદ નૈમેશ મનુભાઈ સોનીની જુબાની |
| ૧૨ | ૫૧ | સાહેદ રસુલભાઈ ઈસાભાઈ જેડાની જુબાની |
| ૧૩ | ૫૩ | ફરિયાદી રમજાનભાઈ રસુલભાઈ જેડાની જુબાની |
| ૧૪ | ૬૫ | સાહેદ સતારભાઈ મહંમદભાઈ સોલંકીની જુબાની |
| ૧૫ | ૬૬ | સાહેદ નવીનભાઈ પરસોતમદાસ દંગીની જુબાની |
| ૧૬ | ૬૮ | સાહેદ મુબારકભાઈ હસનઅલી ચામડીયાની જુબાની |

| સા.નં. | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧૭ | ૬૯ | સાહેદ ઉજાશભાઈ ભોગીલાલ દોશીની જુબાની |
| ૧૮ | ૭૦ | સાહેદ માંગીલાલ કોલરામ ચોધરીની જુબાની |
| ૧૯ | ૭૨ | સાહેદ કમલેશભાઈ લલીતચંદ્ર દોશીની જુબાની |
| ૨૦ | ૭૩ | સાહેદ રાજુભાઈ સોમાભાઈ સોલંકીની જુબાની |
| ૨૧ | ૭૫ | સાહેદ રસુલભાઈ મહમદભાઈ જામની જુબાની |
| ૨૨ | ૭૮ | સાહેદ પ્રિતીબેન ભરતભાઈ ધોળકીયાની જુબાની |
| ૨૩ | ૮૦ | પોલીસ સાહેદ જયેશકુમાર મગનલાલ વઢેરની જુબાની |
| ૨૪ | ૮૩ | તપાસ કરનાર અમલદાર શકિતદાન રતુભાઈ ઈસરાણીની જુબાની |
| ૨૫ | ૮૯ | પીએસઓ કરમવીર રામકુંવર યાદવની જુબાની |
| ૨૬ | ૯૫ | તપાસ કરનાર અમલદાર રાવજીભાઈ વાલજીભાઈ ડામોરની જુબાની |

## દસ્તાવેજી પુરાવો

| અનુક્રમ | આંક | દસ્તાવેજનો પ્રકાર |
|---|---|---|
| ૧ | ૧૮ | બનાવવાળી જગ્યાનું પંચનામુ |
| ૨ | ૧૯ | છરીનું મ્યાન કબજે કર્યા અંગેની પંચોની સહીવાળી સ્લીપ |
| ૩ | ૨૦ | લોહીનું ડાઘવાળી માટી કબજે કર્યા અંગેની પંચોની સહીવાળી સ્લીપ |
| ૪ | ૨૧ | કંટ્રોલ માટી કબજે કર્યા અંગેની પંચોની સહીવાળી સ્લીપ |
| ૫ | ૨૩ | ઈજા પામનાર ફરિયાદીએ બનાવ વખતે પહેરેલ કપડાં કબજે લીધાનું પંચનામુ |
| ૬ | ૨૪ | ફરિયાદીના કપડાં કબજે કર્યા અંગેની પંચોની સહીવાળી સ્લીપ |
| ૭ | ૨૭ | આરોપી રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટી મીયાણાને અટક કર્યાનું પંચનામુ |
| ૮ | ૨૮ | આરોપીના કપડાં કબજે કર્યા અંગેની પંચોની સહીવાળી સ્લીપ |
| ૯ | ૩૧ | આરોપી રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટીએ ગુન્હો કરવા ઉપયોગમાં લીધેલ છરી જે જગ્યાએ સંતાડેલ તે જગ્યાએ જઈ છરી શોધી આપી રજૂ કરતા કબજે કર્યાનું ડિસ્કવરી પંચનામુ |
| ૧૦ | ૩૨ | મુદામાલ છરી કબજે કર્યાની પંચોની સહીવાળી સ્લીપ |
| ૧૧ | ૩૫ | આરોપી રફીકભાઈ રહીમભાઈ ભટ્ટીએ ગુન્હો કરવા ઉપયોગમાં લીધેલ લાકડી જે જગ્યાએ સંતાડેલ તે જગ્યાએ જઈ શોધી આપી રજૂ કરતા કબજે કર્યાનું ડિસ્કવરી પંચનામુ |
| ૧૨ | ૩૬ | મુદામાલ લાકડી કબજે કર્યાની પંચોની સહીવાળી સ્લીપ |
| ૧૩ | ૩૯ | ઈજા પામનાર રમજાનભાઈ રસુલભાઈનું મેડિકલ સર્ટિફિકેટ |

| અનુક્રમ | આંક | દસ્તાવેજનો પ્રકાર |
|---|---|---|
| ૧૪ | ૪૦ | ઈજા પામનાર રમજાનભાઈ રસુલભાઈનું બ્લડ સેમ્પલ લીધા અંગેનું ફોર્મ |
| ૧૫ | ૪૧ | ઈજા પામનાર આરોપી રહીમભાઈ મહમદભાઈનું બ્લડ સેમ્પલ લીધા અંગેનું ફોર્મ |
| ૧૬ | ૪૨ | ઈજા પામનાર ફરિયાદી રમજાનભાઈ રસુલભાઈનું તથા આરોપી રહીમભાઈ મહંમદભાઈનું બ્લડ સેમ્પલ લેવા લખેલ પોલીસયાદી |
| ૧૭ | ૪૩ | ઈજા પામનાર રમજાનભાઈ રસુલભાઈની સારવારના કેસ પેપર્સ |
| ૧૮ | ૪૫ | મોબાઈલ ઈન્વેસ્ટીગેશન વાનનો રિપોર્ટ |
| ૧૯ | ૪૬ | વાયરલેસ મેસેજ |
| ૨૧ | ૫૪ | એફઆઈઆર અસલ ફરિયાદ સાથે |
| ૨૨ | ૭૯ | હથિયારબંધીનું જાહેરનામુ |
| ૨૩ | ૮૪ | ફરિયાદી રમજાનભાઈ રસુલભાઈ જેડાનું મરણોન્મુખ નિવેદન |
| ૨૪ | ૮૫ | ભારે ગુન્હાનો રિપોર્ટ |
| ૨૫ | ૯૦ | સુરેન્દ્રનગર સિટી એ–ડિવિઝન પો.સ્ટે.ડા.એન્ટ્રી નં.૧૬/૧૬ નો ઉતારો |
| ૨૬ | ૬૭ | મુદામાલ એફએસએલમાં તપાસણી અર્થે મોકલ્યાનો પત્ર |
| ૨૭ | ૯૭ | મુદામાલ એફએસએલમાં તપાસણી અર્થે મળી ગયાની પહોંચ |
| ૨૮ | ૯૮ | મુદામાલ સંબંધે એફએસએલનો રિપોર્ટ |
| ૨૯ | ૯૯ | મુદામાલ સંબંધે સિરોલોજીકલ વિભાગનો રિપોર્ટ |
| ૩૦ | ૧૦૦ | મુદામાલ સંબંધે એફએસએલ ભૌતિકશાસ્ત્ર વિભાગનો રિપોર્ટ |
| ૩૧ | ૧૦૧ | મોબાઈલ કોલ ડિટેઈલની માહિતી મેળવવા અંગેનું ફોર્મ |
| ૩૨ | ૧૦૨ | બનાવવાળી જગ્યાનો નકશો |

**૫.** ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો પૂરો થયા બાદ સરકાર તરફે વિદ્વાન એપીપીશ્રી એન.ડી.કારીયાની તથા આરોપીઓ તરફે વિદ્વાન વ.શ્રી ડી.પી.પાઠકની દલીલ સાંભળવામાં આવેલ છે.

**૬.** ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એપીપીશ્રી એન.ડી.કારીયાની એવી રજૂઆત છે કે તા.૧૨–૧૧–૨૦૧૪ નાં કલાક ૧૦–૩૦ નાં સુમારે સુરેન્દ્રનગર શાક માર્કેટ પાસે ખીજડીયા હનુમાન સામે ફરિયાદી રમજાન રસુલભાઈ જેડાને આરોપી નં.૧ નાંએ શાક માર્કેટમાં આવવાની ના પાડેલ હોવાછતાં શાક માર્કેટમાં પુઠા લેવા આવતા "તું કેમ અહી આવ્યો" તેમ કહી આરોપી નં.૧ નાંએ ફરિયાદીને જેમ ફાવે તેમ ગાળો આપેલ અને તે વખતે આરોપી નં.૨–૩ નાંઓએ ફરિયાદીને બન્ને હાથે પકડી રાખતા આરોપી નં.૧

નાંએ પ્રથમ લાકડાના ધોકા વડે ડાબા પગના ગોઠણની નીચે એક ઘા મારી સાદી ઈજા કરેલ અને બાદમાં આરોપી નં.૧ નાંએ તેમની કમ્મરમાંથી છરી કાઢી ફરિયાદીનું મોત નિપજાવવાના ઈરાદે ફરિયાદીના શરીરના મર્મ ભાગ એવા ગળાની ડાબી બાજુએ કાનની નીચે અને ગરદન વચ્ચે છરીનો એક ઘા મારી ગંભીર પ્રકારની ઈજા પહોંચાડેલ તથા બનાવના અરસામાં સુરેન્દ્રનગર જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીનું હથિયારબંધીનું જાહેરનામુ અમલમાં હોવાછતાં આરોપી નં.૧ નાંએ જાહેરમાં છરી જેવું જીવલેણ હથિયાર ગુન્હો કરવાના ઈરાદે ધારણ કરેલ અને તેમ કરીને આરોપીઓએ ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૭–૩૨૩–૫૦૪–૧૧૪ તથા ગુજરાત પોલીસ ધારાની કલમ ૧૩૫ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે જે તહોમત પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે ૨૬ સાહેદોનો મૌખિક પુરાવો તથા ૨૪ જેટલો દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે જે પુરાવો જોવામાં આવે તો આંક–૧૮ થી રજૂ થયેલ બનાવવાળી જગ્યાના પંચનામાને તેના પંચ સાહેદ રુસ્તમ ઉસ્માનભાઈ કોરડીયાની આંક–૧૭ ની જુબાનીથી સમર્થન મળે છે અને આંક–૧૮ થી રજૂ થયેલ બનાવવાળી જગ્યાએથી પોલીસે પંચોની હાજરીમાં લોહીવાળી માટી તથા કંટ્રોલ માટી તેમજ મ્યાન કબજે કરેલ હોવાનું જણાઈ આવે છે જેથી બનાવવાળી જગ્યાનું પંચનામુ આરોપીઓ સામેનું તહોમત પુરવાર કરવા માટે ફરિયાદપક્ષને મદદરુપ બને છે. ફરિયાદપક્ષે આંક–૩૮ થી ઈજા પામનાર ફરિયાદીને સારવાર આપનાર મેડિકલ ઓફિસર ડો.શંભુકુમાર બાબુલાલ રાયનો પુરાવો રજૂ કરેલ છે જે પુરાવો જોતાં ઈજા પામનાર ફરિયાદીએ સદર મેડિકલ ઓફિસર સમક્ષ હિસ્ટ્રીમાં હાલના આરોપીઓના નામ તથા આરોપીઓએ છરી વડે ઈજા કરેલાનું જણાવેલ છે તેમજ સદર મેડિકલ ઓફિસરે ઈજા પામનાર ફરિયાદીને તપાસતા ગરદનની બાજુએ એક ઉંડો ઘા જોયેલ તેમજ ગરદનની બહારની બાજુએ એક નસ કપાયેલ જોયેલ જે નસનું ઓપરેશન કરેલ હોવાનું અને ઈજા પામનાર ફરિયાદીને થયેલ ઈજા મુદામાલ છરીથી સંભવી શકે તેવી હોવાનું પણ જણાવેલ છે જેથી બનાવ વખતે આરોપી નં.૧ નાંએ છરી વડે ફરિયાદીનું મોત નિપજાવવાના ઈરાદે ફરિયાદીના શરીરના મર્મ ભાગ એવા ગળાના ભાગે ઈજા કરેલાનું પુરવાર થાય છે. ફરિયાદપક્ષે આંક–૫૧ થી સાહેદ નં.૧૨ રસુલભાઈ ઈસાભાઈ જેડાને તપાસેલ છે જેઓ ઈજા પામનાર ફરિયાદીના

પિતા થાય છે જેઓ બનાવના નજરે જોનાર સાહેદ નથી પરંતુ બનાવ બાદ તૂરત બનાવસ્થળે પહોંચનાર ઈસમ છે અને તેઓના પુરાવા મુજબ ઈજા પામનારને ગળાના ભાગેથી લોહી નીકળતુ હતું જેથી સદર સાહેદ તથા તેમના પત્ની ઈજા પામનારને સારવાર માટે ગાંધી હોસ્પિટલમાં લઈ ગયેલા જયાં ઈજા પામનારે તેમને આરોપીઓના નામ આપેલા અને આરોપીઓએ ગાળો આપેલાની તથા લાકડાના ધોકા તથા છરી જેવા હથિયારથી ઈજા કરેલાનું જણાવેલ અને તે જ મુજબની હકીકત સાહેદે તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવેલ છે જેથી સદર સાહેદનો પુરાવો ફરિયાદપક્ષને મદદરુપ બને છે. ફરિયાદપક્ષે આંક–પ૩ થી સાહેદ નં.૧૩ ફરિયાદી રમજાનભાઈ રસુલભાઈ જેડાને તપાસેલ છે જેઓ આ કામે ઈજા પામનાર સાહેદ છે અને તેઓએ બનાવ સંબંધેની આંક–પ૪ વાળી ફરિયાદ આપેલી જેમાં બનાવ સંબંધેની વિગતવાર હકીકતો તથા બનાવ વખતે આરોપીઓનો શું રોલ હતો તે અંગેની તમામ હકીકતો જણાવેલ છે અને તેવી જ હકીકતો ફરિયાદીએ તેમની કોર્ટ સમક્ષની જુબાનીમાં જણાવેલ છે અને મુદામાલ લાકડાના ધોકાને તથા મુદામાલ છરીને પણ ઓળખી બતાવેલ છે જેથી ફરિયાદીના પુરાવાથી પણ હાલના આરોપીઓની આ ગુન્હાના કામે સંડોવણી હોવાનું પુરવાર થાય છે. ફરિયાદપક્ષે આંક–૭૦ થી સાહેદ નં.૧૮ માંગીલાલ કોલારામ ચૌધરીને તપાસેલ છે જેઓનો પુરાવો જોતાં સદર સાહેદની દુકાન બનાવવાળા સ્થળની નજીક આવેલ હોવાની હકીકત અને બનાવના દિવસે સવારના ભાગે ફરિયાદી રમજાનભાઈ તેમની દુકાનેથી ૬૦ થી ૬પ કિલો પુંઠા લઈ ગયેલા જેથી બનાવના દિવસે સવારના ઈજા પામનાર બનાવસ્થળે આવેલાનું પુરવાર થાય છે. ફરિયાદપક્ષે આંક–૭પ થી સાહેદ નં.ર૧ રસુલભાઈ મહંમદભાઈ જામને તપાસેલ છે જેઓના પુરાવાથી પણ તેમની પાનની દુકાને પોલીસ આરોપી રહીમ મહંમદભાઈને લઈ આવેલ અને આરોપી રહીમ મહમદભાઈએ સાહેદની પાનની દુકાનેથી છરી કાઢી આપેલાનું પુરવાર થાય છે અને સાહેદના પુરાવાને આંક–૩૧ થી રજૂ થયેલ ડિસ્કવરી પંચનામાની હકીકતો સાથે જોવામાં આવે તો આરોપી રહીમ મહંમદભાઈએ સાહેદ રસુલભાઈ મહમંદભાઈ જામના પાનના ગલ્લેથી મુદામાલ છરી કાઢી આપેલાનું પુરવાર થાય છે. ફરિયાદપક્ષે આંક–૯૮ થી એફએસએલ રિપોર્ટ રજૂ કરેલ છે જે રિપોર્ટ જોતાં બનાવસ્થળેથી રજૂ કરેલ

મુદ્દામાલ લોહીના ધાબાવાળી માટી ઉપર, ઈજા પામનાર ફરિયાદીએ બનાવ સમયે પહેરેલ શર્ટ ઉપર, આરોપી રહીમભાઈ મહમદભાઈ ભટ્ટીએ બનાવ સમયે પહેરેલ શર્ટ ઉપર તથા મુદ્દામાલ છરી ઉપરઈજા પામનાર ફરિયાદીના લોહીના ગૃપ "એબી"ની હાજરી મળી આવેલ છે જેથી પણ આરોપી નં.૧ રહીમભાઈ મહમદભાઈ ભટ્ટીએ ઈજા પામનાર ફરિયાદીને છરી વડે ઈજા પહોંચાડેલાની હકીકત પુરવાર થાય છે. આ ઉપરાંત ફરિયાદપક્ષે રજૂ કરેલ એફએસએલ અધિકારી તથા પોલીસ સાહેદોના પુરાવાથી પણ ફરિયાદપક્ષના કેસને સમર્થન મળી રહે છે જેથી ફરિયાદપક્ષ આરોપીઓ સામેનું તહોમત નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ થયેલ હોય આરોપીઓને તેમની સામેના તમામ તહોમતમાં તકસીરવાન ઠરાવી કડકમાં કડક સજા કરવા વિનંતી છે.

૭. આરોપીઓ તરફે વિદ્વાન વ.શ્રી ડી.પી.પાઠકે આંક–૧૧૬ થી લેખિત દલીલ રજૂ કરેલ છ તેમજ મૌખિક દલીલ પણ રજૂ કરેલ છે જેમાં મુખ્યત્વે એવી રજૂઆત કરેલ છે કે ફરિયાદપક્ષે આંક–૧૭ થી સાહેદ નં.૧ રુસ્તમ ઉસ્માનભાઈને તપાસેલ છે જેઓ આંક–૧૮ થી રજૂ થયેલ બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ છે તેમનો સમગ્ર પુરાવો જોતાં પોલીસે તેમની હાજરીમાં બનાવવાળી જગ્યાએથી લોહીવાળી માટી તથા કંટ્રોલ માટી તેમજ મુદ્દામાલ મ્યાલ કબજે કરેલ હોવાનું પુરવાર થતું નથી. ફરિયાદપક્ષે આંક–૨૨ થી સાહેદ નં.૨ મહેબુબભાઈ ઉમરભાઈ મોવરને તથા આંક–૨૫ થી સાહેદ નં.૩ જેરામભાઈ મોહનભાઈ વાઘેલાને તપાસેલ છે જેઓ ગાંધી હોસ્પિટલમાંથી ઈજા પામનાર ફરિયાદીનો લોહીવાળો શર્ટ મુદ્દામાલ તરીકે કબજે કર્યાના આંક–૨૩ નાં પંચનામાના પંચ સાહેદો છે. સદર સાહેદો તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપતા નથી અને સંપૂર્ણપણે વિમુખ જાહેર થયેલ છે જેથી ફરિયાદપક્ષ આંક–૨૩ થી રજૂ થયેલ પંચનામુ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે. ફરિયાદપક્ષે આંક–૨૬ થી સાહેદ નં.૪ મનોહરભાઈ વિરજીભાઈને તથા આંક–૨૯ થી સાહેદ નં.૫ મહેબુબભાઈ ઉમરભાઈને સોગંદ પર તપાસેલ છે જેઓ આરોપી રહીમભાઈ મહમદભાઈએ બનાવ વખતે પહેરેલ શર્ટ આરોપીએ રજૂ કરતા મુદ્દામાલ તરીકે કબજે લીધાના આંક–૨૭ નાં પંચનામાના પંચ સાહેદો છે. સદર સાહેદો તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપતા નથી

અને સંપૂર્ણપણે વિમુખ જાહેર થયેલ છે જેથી ફરિયાદપક્ષ આંક–૨૭ થી રજૂ થયેલ પંચનામુ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે. ફરિયાદપક્ષે આંક–૩૦ થી સાહેદ નં.૬ સલીમભાઈ અબ્દુલભાઈને તથા આંક–૩૩ થી સાહેદ નં.૭ હૈદરભાઈ મહમદભાઈને સોગંદ પર તપાસેલ છે જેઓ આરોપી રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટીએ બનાવમાં ઉપયોગમાં લીધેલ છરી જે જગ્યાએ સંતાડેલ તે જગ્યાએ પોલીસ તથા પંચોને લઈ જઈ શોધી આપી રજૂ કરતા તે છરી મુદામાલ તરીકે કબજે લીધાના આંક–૩૧ નાં પંચનામાના પંચ સાહેદો છે. સદર સાહેદો તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપતા નથી અને સંપૂર્ણપણે વિમુખ જાહેર થયેલ છે જેથી ફરિયાદપક્ષ આંક–૩૧ થી રજૂ થયેલ ડિસ્કવરી પંચનામુ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે. ફરિયાદપક્ષે આંક–૩૪ થી સાહેદ નં.૮ રાજેશકુમાર બાબુલાલ શાહને તથા આંક–૩૭ થી સાહેદ નં.૯ અશોકકુમાર ત્રંબકલાલને સોગંદ પર તપાસેલ છે જેઓ આરોપી રફીકભાઈ રહીમભાઈ ભટ્ટીએ બનાવ વખતે પોતાની પાસે જે લાકડી હતી તે લાકડી જે જગ્યાએ સંતાડેલ તે જગ્યાએ પોલીસ તથા પંચોને લઈ જઈ શોધી આપી રજૂ કરતા લાકડી મુદામાલ તરીકે બજે લીધાના આંક–૩૫ નાં પંચનામાના પંચ સાહેદો છે. સદર સાહેદો તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપતા નથી અને સંપૂર્ણપણે વિમુખ જાહેર થયેલ છે જેથી ફરિયાદપક્ષ આંક–૩૫ થી રજૂ થયેલ ડિસ્કવરી પંચનામુ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે. ફરિયાદપક્ષે આંક–૩૮ થી સાહેદ નં.૧૦ ડો.શંભુકુમાર બાબુલાલ રાયને તપાસેલ છે જેઓ ફરિયાદીને સારવાર આપનાર ડોકટર છે તેમની સમક્ષ ફરિયાદીએ ત્રણેય આરોપીઓએ છરી મારેલાની હકીકત જણાવેલ છે જ્યારે ફરિયાદીએ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં તથા ફરિયાદમાં આરોપી રહીમભાઈ મહમદભાઈ ભટ્ટીએ છરી મારેલાની હકીકત જણાવેલ છે જે જોતાં ફરિયાદીએ ડો.શંભુકુમાર બાબુલાલ રાય સમક્ષ આરોપી રફીકભાઈ તથા આરોપી ઈમરાનભાઈને ગુન્હામાં સંડોવતી ખોટી હકીકત જણાવેલ હોય તેમ જણાય છે તેમજ સદર તબીબી સાહેદનો પુરાવો જોતાં પણ ફરિયાદીને થયેલ ઈજા સાદા પ્રકારની છે જેથી પણ આ કામે ઈ.પી.કો.કલમ ૩૦૭ મુજબનો ગુન્હો બનતો હોવાની હકીકત માની શકાય નહી. ફરિયાદપક્ષે ફરિયાદીના

પિતા રસુલભાઈ ઈસાભાઈને જેડાને આંક–૫૧ થી સાહેદ નં.૧૨ તરીકે તપાસેલ છે જેઓનો પુરાવો જોતાં તેઓ બનાવના નજરે જોનાર સાહેદ નથી તેમજ તેઓનો પુરાવો હીયર–સે પ્રકારનો પુરાવો છે અને તેઓ જયારે રસ ધરાવતા સાહેદ હોય ત્યારે તેઓના પુરાવાને અન્ય સાહેદોના પુરાવાથી સમર્થન મળતું ન હોય ત્યારે તેઓનો પુરાવો ધ્યાનમાં લઈ શકાય નહીં. ફરિયાદપક્ષે આ કામે ઈજા પામનાર ફરિયાદી રમજાનભાઈ રસુલભાઈ જેડાને આંક–૫૨ થી સાહેદ નં.૧૩ તરીકે તપાસેલ છે જેઓનો પુરાવો જોતાં તેઓએ આરોપી રહીમભાઈ ભટ્ટી ધોકો લઈને ગાળો બોલતા તેમની પાસે આવેલાનું અને તે વખતે આરોપી રફીકભાઈ તથા આરોપી ઈમરાનભાઈએ તેમના હાથ પકડેલાનું અને બાદમાં આરોપી રહીમભાઈએ લાકડાનો ધોકો તેમના ડાબા પગમાં ગોઠણના નીચેના ભાગે મારેલાનું જણાવેલ છે જયારે આ કામે આંક–૩૮ થી રજૂ થયેલ ડો.શંભુકુમાર બાબુલાલ રાયનો પુરાવો તથા આંક–૩૯ થી રજૂ થયેલ ફરિયાદીનું મેડિકલ સર્ટિફિકેટ જોતાં ઈજા પામનાર ફરિયાદીને પગમાં કોઈપણ પ્રકારની ઈજા થયેલાની હકીકત જણાતી નથી જેથી આરોપી રહીમભાઈએ લાકડાના ધોકાથી ફરિયાદીને ઈજા કરેલાની હકીકત માની શકાય નહીં. ફરિયાદીએ તેમની કોર્ટ સમક્ષની જુબાનીમાં એવી હકીકત પણ જણાવેલ છે કે તેઓ રાડો પાડવા લાગતા ત્યાં ઘણાં માણસો ભેગા થઈ જતા રહીમ મહંમદ તથા તેના બન્ને દીકરા તેમને ઢસડીને શ્રવણ ટોકીઝ પાસે લઈ ગયેલા અને ત્યારબાદ રહીમે તેની કમ્મરમાંથી છરી કાઢી ગળાના ભાગે મારેલી પરંતુ તેવી હકીકત ફરિયાદીએ તેમની આંક–૫૪ થી રજૂ થયેલ ફરિયાદમાં જણાવેલ નથી તે જોતાં પણ આરોપી નં.૨ તથા નં.૩ નાંઓએ ફરિયાદીને પકડી રાખેલ હોય અને આરોપી નં.૧ નાંએ ફરિયાદીને ગળાના ભાગે છરી વડે ઈજા કરેલાનું પુરવાર થતું નથી. ફરિયાદપક્ષે આ કામે બનાવના નજરે જોનાર સાહેદો પૈકી સાહેદ સતારભાઈ મહંમદભાઈ સોલંકીને આંક–૬૫ થી, સાહેદ નવીનભાઈ પરસોતમદાસ દંગીને આંક–૬૬ થી, સાહેદ મુબારકભાઈ હસનઅલી ચામડીયાને આંક–૬૮ થી, સાહેદ ઉજાશભાઈ ભોગીલાલ દોશીને આંક–૬૯ થી, સાહેદ માંગીલાલ કોલારામને આંક–૭૦ થી તથા સાહેદ રાજુભાઈ સોમાભાઈ સોલંકીને આંક–૭૩ થી તપાસેલ છે પરંતુ આ તમામ સાહેદોએ તેમની કોર્ટ સમક્ષની જુબાનીમાં ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન

આપેલ નથી અને સંપૂર્ણપણે વિમુખ જાહેર થયેલ છે. ફરિયાદપક્ષે આંક–૭૫ થી સાહેદ નં.૨૧ રસુલભાઈ મહંમદભાઈ જામને સોગંદ પર તપાસેલ છે જેઓની ઉલટતપાસ જોતાં છરી કોણ મૂકી ગયેલ તેની તેમને ખબર નથી તેમજ તે બાબતે પોલીસે તેમનો કોઈ જવાબ લીધેલ નહી હોવાનું જણાવે છે ત્યારે તેઓની જુબાનીનું કોઈ પુરાવાકીય મુલ્ય રહેતું નથી અને ખાસ કરીને ફરિયાદપક્ષે આંક–૩૧ થી રજૂ કરેલ ડિસ્કવરી પંચનામાની હકીકતોને તેના પંચ સાહેદો કોર્ટ સમક્ષની જુબાનીમાં લેશમાત્ર સમર્થન આપતા નથી અને સંપૂર્ણપણે વિમુખ જાહેર થયેલ છે ત્યારે આ કામે આંક–૭૫ થી સાહેદ નં.૨૧ તરીકે તપાસેલ રસુલભાઈ મહંમદભાઈ જામના એકમાત્ર પુરાવા આધારે આરોપી નં.૧ રહીમભાઈ મહંમદભાઈએ મુદામાલ છરી સાહેદ રસુલભાઈ મહમદભાઈ જામના પાનના થડે સંતાડેલ હોવાની અને બાદમાં આંક–૩૧ નાં ડિસ્કવરી પંચનામાની હકીકતે રજૂ કરેલ હોવાની હકીકત માની શકાય નહી. ફરિયાદપક્ષે આ કામે આંક–૩૮ થી તપાસેલ સાહેદ નં.૧૦ ડો.શંભુકુમાર બાબુલાલ રાયનો પુરાવો જોતાં તેઓએ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે કોઈ વ્યકિત પડી જાય અને પતરુ અથવા તો અણીદાર પથ્થર વાગે તો ફરિયાદીને થયેલ ઈજા જેવી ઈજા સંભવી શકે.ખરી હકીકતમાં ફરિયાદી બનાવ વખતે રિક્ષા લઈને ટ્રાફિકમાં નીકળેલા ત્યારે ટ્રાફિકમાં ફરિયાદીની રિક્ષા અન્ય રિક્ષા સાથે ભટકાતા રિક્ષાનું પતરુ વાગતા ફરિયાદીને ઈજા થયેલી. પરંતુ ફરિયાદીને આરોપીઓ સાથે અગાઉની દુશ્મનાવટ હોય આરોપીઓને હાલના ગુન્હાના કામે સંડોવતી ખોટી ફરિયાદ નોંધાવેલ હોય આરોપીઓને તેની સામેના તમામ તહોમતમાંથી શંકાનો લાભ આપી છોડી મૂકવા વિનંતી છે.

૮. ઉપરોકત હકીકતોને લક્ષમાં લેતા કેસના નિર્ણય સારૂ મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

:: **<u>મુદ્દાઓ</u>** ::

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે તા.૧૨–૧૧–૨૦૧૪ નાં કલાક ૧૦–૩૦ નાં સુમારે સુરેન્દ્રનગર શાક માર્કેટ પાસે ખીજડીયા હનુમાન સામે આરોપી નં.૧ નાંએ ફરિયાદી રમજાનભાઈ રસુલભાઈ જેડાને જેમ ફાવે તેમ ગાળો બોલી ભારતીય દંડ સંહીતાની કલમ ૫૦૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે ઉપરોકત તારીખે, સમયે અને સ્થળે આરોપી નં.૨–૩ નાંઓએ ફરિયાદી રમજાનભાઈ રસુલભાઈને પકડી રાખેલ અને તે વખતે આરોપી નં.૧ નાંએ લાકડાના ધોકા વડે ડાબા પગના ગોઠણની નીચે ઘા મારી સાદી ઈજા કરેલ અને તેમ કરીને આરોપીઓએ ભારતીય દંડ સંહીતાની કલમ ૩૨૩ સાથે વાંચતા કલમ ૧૧૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે?

(૩) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે ઉપરોકત તારીખે, સમયે અને સ્થળે આરોપી નં.૧ નાંએ તેની કમ્મરમાંથી છરી કાઢી ફરિયાદીનું મોત નિપજાવવાના ઈરાદે ફરિયાદીના શરીરના મર્મ ભાગ એવા ગળાની ડાબી બાજુ કાનની નીચે અને ગરદન વચ્ચે છરીનો એક ઘા મારી ગંભીર પ્રકારની ઈજા પહોંચાડેલ અને તેમ કરીને આરોપી નં.૧ નાંએ ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૭ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે?

(૪) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે ઉપરોકત તારીખે, સમયે અને સ્થળે સુરેન્દ્રનગરનાં જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીનું હથિયારબંધીનું જાહેરનામુ અમલમાં હોવાછતાં આરોપી નં.૧ નાંએ ગુન્હો કરવાના ઈરાદે છરી જેવું જીવલેણ હથિયાર ધારણ કરી ગુજરાત પોલીસ ધારાની કલમ ૧૩૫ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે?

(૫) શું હુકમ?

૯. ઉપરોકત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો નીચે મુજબના છે.

:: **<u>નિ ર્ણ યો</u>** ::

(૧) નકારમાં

(૨) નકારમાં

(૩) હકારમાં.

(૪) હકારમાં.

(૫) આખરી હુકમ મુજબ.

**૧૦.** ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયોના કારણો નીચે મુજબના છે.

## :: **કારણો** ::

**મુદ્દા નં.૧ થી ૪ :–**

**૧૧.** ઉપરોકત ત્રણેય મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય અને પુરાવાની હકીકતોનું પુનરાવર્તન ન થાય તે હેતુંથી બન્ને મુદ્દાની સંયુકત ચર્ચા કરવામાં આવેલ છે.

**૧૨.** ફરિયાદપક્ષ તરફે આરોપીઓ સામેનો આરોપ નિઃશંકપણે પુરવાર કરવા રેકર્ડ ઉપર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ઉપસ્થિત કરેલ છે. ફરિયાદપક્ષે આરોપીઓ સામેનો આરોપ નિઃશંકપણે પુરવાર કરવાનો રહે છે અને જો ફરિયાદપક્ષના પુરાવામાં શંકા ઉદભવતી ન હોય કે પુરાવો સળંગ સાંકળની જેમ એક કડી બીજી કડીને સાંકળે તેવો સળંગ પુરાવો રજૂ થાય તો આરોપીઓ સામેનો આરોપ નિઃશંકપણે પુરવાર થયેલ માની શકાય અને તેથી ફરિયાદપક્ષે રજૂ કરેલ સમગ્ર પુરાવાનું જીણવટભર્યુ મુલ્યાંકન કરવું જરૂરી થઈ પડે છે.

**૧૩.** ફરિયાદપક્ષ તરફે આંક–૧૭ થી સાહેદ નં.૧ રુસ્તમ ઉસ્માનભાઈ કોરડીયાને સોગંદ પર તપાસેલ છે.સાહેદ સોગંદ પર જણાવે છે કે તા.૧૨–૧૧–૨૦૧૪ નાં રોજ દશ – અગિયાર વાગ્યે તેઓ રિક્ષા લઈને આવતા હતાં ત્યારે શ્રવણ ટોકીઝ રોડ ઉપર પોલીસે તેઓને લીલી માટી અને સૂકી માટીની કોથળીઓ બતાવેલ તેમજ એક થેલીમાં પીળા અને કાળા કલરનું મ્યાન હતું તે બતાવી લખાણ કરેલ અને તે પંચનામાના લખાણમાં તેમની સહી લીધેલ. શ્રવણ ટોકીઝ રોડ ઉપર ઓટો પાર્ટસની દુકાન હતી ત્યાં તેઓને બોલાવેલ અને તેમની સહી લીધેલ ત્યાં લોહીના ધાબા પડેલ હતાં તે પણ તેઓએ જોયેલ અને તેમણે આ લોહીના ધાબાવાળી માટી કોથળીમાં લીધેલ અને ત્યાં મ્યાન ઉપરોકત જણાવેલ તે પણ ત્યાં પડેલ હતું તે પંચનામાની વિગતે કબજે કરેલ. સાહેદને આંક–૧૮ નું પંચનામુ બતાવવામાં આવતા તેમાં પંચ નં.૧ તરીકેની તેમની સહી ઓળખી બતાવે છે. સાહેદને મુદામાલ આર્ટિકલ નં.૪ વાળુ મ્યાન બતાવવામાં આવતા તે ઓળખી બતાવે છે તથા મુદામાલ ઉપર લગાવેલ કાપલીઓ બતાવવામાં આવતા તેની ઉપર પંચ નં.૧ તરીકેની તેમની સહી ઓળખી બતાવે છે.

સાહેદની આરોપીઓના વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓ જણાવે છે કે તેઓએ દશ – અગિયાર વાગ્યે સહી કરી તે પછી

પોલીસે તેઓને બીજીવાર બોલાવેલ નથી. તેઓ રિક્ષા ડ્રાઈવર છે. જે દિવસે પોલીસે તેમને બોલાવેલ તે વખતે તેઓ વઢવાણથી  સુરેન્દ્રનગર ટાવર તરફ જતા હતાં. વઢવાણથી  સુરેન્દ્રનગર ટાવર જવું હોય તો શ્રવણ ટોકીઝવાળી ગલીમાં જવું ન પડે. તેમને પોલીસે કાંઈ સમજ કરેલ નથી. કયાં ગુન્હામાં, કંઈ કલમ હેઠળના ગુન્હામા તેમને પંચમાં રહેવાનું છે તે પોલીસે તેમને કહેલ નહી. શ્રવણ ટોકીઝવાળી ગલીમાં ઘણી બધી ફ્રૂટની લારી, શાકભાજીની લારી વગેરે આવેલ હોય છે. તેઓ બોલતા ગયા હોય અને પોલીસે લખેલ તેવું બનેલ નથી. પોલીસે તેમની તૈયાર લખેલા કાગળમાં સહી લીધેલ હોવાનો સાહેદ ઈન્કાર કરે છે. પોલીસે તેમના રૂબરૂ લખેલ અને લખેલા કાગળમાં તેમણે સહી કરેલ. મ્યાન કેવા માપ અને કલરનું હતું તે તેઓએ જોયેલ નહી. લોહીનું ધાબુ કેટલા અંતરે, કેટલાં ઈંચનું હતુ તે તેમને ખબર નથી. સાહેદ એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેઓએ માત્ર પંચનામામાં સહી કરેલ તે સિવાય બીજુ જાણતા નથી.

સાહેદની જુબાનીનું મુલ્યાંકન કરતા ફરિયાદપક્ષના કેસ મુજબ પોલીસે સદર પંચ તથા રહેમાનભાઈ ઈબ્રાહિમભાઈ ભદ્રેશીયાની હાજરીમાં બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલ અને બનાવવાળી જગ્યાએથી પોલીસે પંચોની હાજરીમાં લોહીવાળી માટી, કંટ્રોલ માટી તથા છરીનું મ્યાન કબજે કરેલ જે હકીકતોને સાહેદ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં સમર્થન કરે છે તેમજ ઉલટતપાસ દરમિયાન આ હકીકતથી વિરુધ્ધ કોઈ હકીકત રેકર્ડ પર આવેલ ન હોઈ આરોપીઓ સામેનો આરોપ પુરવાર કરવા સદર સાહેદની જુબાની પર આધાર રાખી શકાય.

**૧૪.** ફરિયાદપક્ષ તરફે આંક–૨૨ થી સાહેદ નં.૨ મહેબુબભાઈ ઉમરભાઈ મોવરને સોગંદ પર તપાસેલ છે. સદર સાહેદ સોગંદ પર જણાવે છે કે પોલીસે તેમને ગાંધી હોસ્પિટલ  સુરેન્દ્રનગર ખાતે બોલાવેલ અને પોલીસે તેમને પંચનામામાં સહી કરવાનું કહેતા તેઓએ અંગૂઠાનું નિશાન કરી આપેલ. પોલીસે તેમને ગાંધી હોસ્પિટલમાં શર્ટ કબજે કરવા બોલાવેલ જે શર્ટ લોહીવાળો પોપટી કલરનો હતો જે પોલીસે કબજે કરેલ. સાહેદને વિમુખ જાહેર કરવામાં આવેલ છે અને વિદ્વાન એપીપીશ્રી દ્વારા સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓ પંચનામાની હકીકતને સમર્થન

કરેલ નથી.

સાહેદની આરોપીઓના વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓ જણાવે છે કે શર્ટ પોલીસના હાથમાં હતો તે તેમને બતાવેલ ત્યારબાદ પોલીસે શું કરેલ તેની તેમને ખબર નથી. પોલીસે તેઓને શર્ટ બતાવેલ ત્યારે ગોટો વાળેલ હતો. શર્ટમાં કંઈ જગ્યાએ લોહીના ડાઘા હતાં તે તેઓએ જોયેલ નહી. તેઓએ અંગૂઠો ગાંધી દવાખાનાના દરવાજે મારેલ ત્યારે તેઓ એકલા હતાં તેમની સાથે બીજુ કોઈ ન હતું.

સાહેદની જુબાનીનું મુલ્યાંકન કરતા ફરિયાદપક્ષના કેસ મુજબ પોલીસે સાહેદની હાજરીમાં આંક–૨૩ વાળા પંચનામાની વિગતે ઈજા પામનાર ફરિયાદીનો લોહીવાળો શર્ટ ગાંધી હોસ્પિટલમાંથી મુદામાલ તરીકે કબજે કરેલ. પરંતુ સાહેદ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં આંક–૨૩ થી રજૂ થયેલ પંચનામાની હકીકતોને સમર્થન કરતા નથી અને વિમુખ જાહેર થયેલ છે જેથી આરોપીઓ સામેનો આરોપ પુરવાર કરવા સદર સાહેદની જુબાની પર આધાર રાખી શકાય નહી.

**૧૫.** ફરિયાદપક્ષ તરફે આંક–૨૫ થી સાહેદ નં.૩ જેરામભાઈ મોહનભાઈ વાઘેલાને સોગંદ પર તપાસેલ છે. સદર સાહેદ સોગંદ પર જણાવે છે કે સને ૨૦૧૪ નાં રોજ સુરેન્દ્રનગર પો.સ્ટે.થી પોલીસના માણસો તેમની ફૃટની લારીએ આવી એક તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલ. સાહેદને આંક–૨૩ વાળુ પંચનામુ બતાવવામાં આવતા તેમાં પંચ નં.૧ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે. સાહેદને વિમુખ જાહેર કરવામાં આવેલ છે અને વિદ્વાન એપીપીશ્રી દ્વારા સાહેદની લંબાણપૂર્વક ઉલટતપાસ કરેલ છે તેમાં તેઓ ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરતા નથી. સાહેદની આરોપીઓના વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

સાહેદની જુબાનીનું મુલ્યાંકન કરતા ફરિયાદપક્ષના કેસ મુજબ પોલીસે સદર પંચ તથા મહેબુબભાઈ ઉમરભાઈ મોવરની હાજરીમાં આંક–૨૩ નાં પંચનામાની વિગતે ઈજા પામનાર ફરિયાદીનો લોહીવાળો શર્ટ સુરેન્દ્રનગર ગાંધી હોસ્પિટલમાંથી કબજે કરેલ. પરંતુ સાહેદ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરતા નથી અને સંપૂર્ણપણે વિમુખ જાહેર થયેલ છે જેથી આરોપીઓ સામેનો

આરોપ પુરવાર કરવા સદર સાહેદની જુબાની પર આધાર રાખી શકાય નહીં.

**૧૬.** ફરિયાદપક્ષ તરફે આંક–૨૬ થી સાહેદ નં.૪ મનોહરભાઈ વિરજીભાઈને તથા આંક–૨૯ થી સાહેદ નં.૫ મહેબુબભાઈ ઉમરભાઈને સોગંદ પર તપાસેલ છે. બન્ને સાહેદો સોગંદ પર જણાવે છે કે સને ૨૦૧૪ ની સાલમાં સુરેન્દ્રનગર પોલીસે તેઓને પો.સ્ટે. બોલાવી એક તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલ. બન્ને સાહેદોને આંક–૨૭ થી રજૂ થયેલ પંચનામુ બતાવવામાં આવતા તેમાં તેમની સહી ઓળખી બતાવે છે. બન્ને સાહેદોને મુદામાલ આર્ટિકલ નં.૬ વાળો શર્ટ બતાવવામાં આવતા તે ઓળખતા હોવાનો ઈન્કાર કરે છે પરંતુ તે શર્ટ ઉપર લગાવેલ કાપલીમાં તેમની સહી ઓળખી બતાવે છે. બન્ને સાહેદો આરોપીને ઓળખતા હોવાનો ઈન્કાર કરે છે. બન્ને સાહેદોને વિમુખ જાહેર કરવામાં આવેલ છે અને વિદ્વાન એપીપીશ્રી દ્વારા બન્ને સાહેદોની ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓ તા.૧૨–૧૧–૨૦૧૪ નાં રોજ સાંજના ૮–૦૦ કલાકે સુરેન્દ્રનગર સિટી પો.સ્ટે. તરફથી આ ગુન્હાના કામના આરોપી રહીમભાઈ મહમદભાઈ ભટ્ટી પો.સ્ટે.માં હાજર હોય તેની શરીર સ્થિતિનું પંચનામુ કરેલ હોય અને તે વખતે સદર આરોપીએ બનાવ સમયે પહેરેલ શર્ટ રજૂ કરતા મુદામાલ તરીકે પંચનામાની વિગતે કબજે કરેલ હોય તેવું બનેલાનો ઈન્કાર કરે છે. બન્ને સાહેદની આરોપીઓના વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

બન્ને સાહેદોની જુબાનીનું મુલ્યાંકન કરતા ફરિયાદપક્ષના કેસ મુજબ બન્ને સાહેદોની હાજરીમાં આરોપી રહીમભાઈ મહમદભાઈ ભટ્ટીને પોલીસે આ ગુન્હાના કામે અટક કરેલ અને તે વખતે સદર આરોપીએ બનાવ વખતે પહેરેલ શર્ટ રજૂ કરતા પોલીસે તે શર્ટ આંક–૨૮ નાં પંચનામાની વિગતે મુદામાલ તરીકે કબજે કરેલ. પરંતુ બન્ને સાહેદો તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં તેવી કોઈ હકીકતો જણાવતા નથી અને સંપૂર્ણપણે વિમુખ જાહેર થયેલ છે જેથી આરોપીઓ સામનો આરોપ પુરવાર કરવા સદર બન્ને સાહેદોની જુબાની પર આધાર રાખી શકાય નહીં.

**૧૭.** ફરિયાદપક્ષ તરફે આંક–૩૦ થી સાહેદ નં.૬ સલીમભાઈ અબ્દુલભાઈને તથા આંક–૩૩ થી સાહેદ નં.૭ હૈદરભાઈ મહમદભાઈને સોગંદ પર તપાસેલ છે. બન્ને સાહેદો સોગંદ પર જણાવે છે કે તા.૧૩–૧૧–૨૦૧૪ નાં રોજ સવારના ૧૦–૩૦

કલાકે તેઓ ટાવર પાસેથી પસાર થતાં હતાં ત્યારે પોલીસે તેઓને પંચનામામાં અલગ અલગ જગ્યાએ સહીઓ કરવાનું કહેતા તેઓએ સહીઓ કરેલ. સાહેદો જણાવે છે કે આજ તારીખે સવારે ૧૦–૦૦ કલાકે પોલીસે તેઓને પો.સ્ટે.બોલાવેલ હોય અને આ ગુન્હાના આરોપી પો.સ્ટે.માં હાજર હોય અને તેણે તેનું નામ રહીમભાઈ મહમદભાઈ રહે.ખાટકીવાસ  સુરેન્દ્રનગર બતાવેલ હોય અને તેણે આ કામના ફરિયાદી રમજાન રસુલને મારેલ છરી બતાવવા જણાવેલ હોય અને બાદમાં આરોપી સાથે તેઓ તથા પોલીસ મોરબીના પુલ પર જતાં પ્રથમ પાનના ગલ્લા "ઈમરાન પાન કોર્નર"નાં ટેબલના બોર્ડ નીચેથી આરોપીએ એક લોખંડની લાકડાના હાથાવાળી છરી કાઢી આપેલ હોય અને તે છરી પોલીસે પંચનામાની વિગતે મુદામાલ તરીકે કબજે કરેલ હોય તેવું બનેલ નથી. બન્ને સાહેદોને આંક–૩૧ થી રજૂ થયેલ ડિસ્કવરી પંચનામુ બતાવવામાં આવતા તેમાં તેમની સહી ઓળખી બતાવે છે. બન્ને સાહેદોને મુદામાલ આર્ટિકલ નં.૭ વાળી છરી બતાવવામાં આવતા તે ઓળખતા નહીં હોવાનું જણાવે છે પરંતુ તેના પર લગાવેલ સ્લીપમાં તેમની સહી હોવાનું જણાવે છે. બન્ને સાહેદોને વિમુખ જાહેર કરવામાં આવેલ છે અને વિદ્વાન એપીપીશ્રી દ્વારા બન્ને સાહેદોની લંબાણપૂર્વક ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓ ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરતા નથી. બન્ને સાહેદની આરોપીઓના વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

બન્ને સાહેદોની જુબાનીનું મુલ્યાંકન કરતા ફરિયાદપક્ષના કેસ મુજબ આરોપી રહીમભાઈ મહદમભાઈએ આ બન્ને સાહેદોની હાજરીમાં ગુન્હો કરવા ઉપયોગમાં લીધેલ છરી જે જગ્યાએ સંતાડેલ તે જગ્યાએ પંચોને તથા પોલીસને સાથે લઈ જઈ શોધી આપી રજૂ કરતા આંક–૩૧ નાં ડિસ્કવરી પંચનામાની વિગતે મુદામાલ તરીકે કબજે કરેલ.પરંતુ બન્ને પંચ સાહેદો તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં તેવી કોઈ હકીકત જણાવતા નથી અને ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરતા નથી અને સંપૂર્ણપણે વિમુખ જાહેર થયેલ છે જેથી આરોપીઓ સામેનો આરોપ પુરવાર કરવા સદર બન્ને પંચ સાહેદોની જુબાની પર આધાર રાખી શકાય નહીં.

**૧૮.** ફરિયાદપક્ષ તરફે આંક–૩૪ થી સાહેદ નં.૮ રાજેશકુમાર બાબુલાલ શાહને તથા આંક–૩૭ થી સાહેદ નં.૯ અશોકકુમાર ત્રંબકલાલને સોગંદ પર તપાસેલ છે. બન્ને સાહેદો સોગંદ પર જણાવે છે કે તા.૧૫–૧૧–૨૦૧૪ નાં રોજ સાંજે ૬–૩૦ વાગ્યે તેઓ ટાવર પાસેથી પસાર થતા હતાં ત્યારે પોલીસે તેઓને પંચનામામાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલ. આજ તારીખે સાંજે ૬–૩૦ કલાકે પોલીસે તેઓને પો.સ્ટે.બોલાવેલ હોય અને ત્યાં આ ગુન્હાનાં આરોપી હાજર હોય અને તેને તેનું નામ રફીકભાઈ રહીમભાઈ રહે.ખાટકીવાસ સુરેન્દ્રનગર બતાવેલ હોય અને આ કામના ફરિયાદી રમજાન રસુલને મારેલ લાકડી તેઓએ જે જગ્યાએ સંતાડેલ હોય તે જગ્યા બતાવવા જણાવેલ હોય અને બાદમાં આરોપી સાથે તેઓ અને પંચો મોરબીના પુલ નીચે આવેલ ખાટકીવાડ શેરી નં.૨ આગળ ગયેલ હોય અને ત્યાં એક આંબલીના ઝાડ પાસે ઝાડની પોલાણમાંથી આરોપીએ લાકડી કાઢી આપેલ હોય અને પોલીસે તે લાકડી આંક–૩૫ નાં ડિસ્કવરી પંચનામાની વિગતે મુદામાલ તરીકે કબજે લીધેલ હોય તેવું બનેલ નથી. બન્ને સાહેદોને આંક–૩૫ વાળુ પંચનામુ બતાવવામાં આવતા તેમાં તેમની સહી ઓળખી બતાવે છે. બન્ને સાહેદોને મુદામાલ આર્ટિકલ નં.૯ વાળી લાકડી બતાવવામાં આવતા તેને ઓળખતા નહીં હોવાનું જણાવે છે પરંતુ તેની પર લગાવેલ સ્લીપ ઉપર તેમની સહી ઓળખી બતાવે છે. બન્ને સાહેદોને વિમુખ જાહેર કરવામાં આવેલ છે અને વિદ્વાન એપીપીશ્રી દ્વારા બન્ને સાહેદોની લંબાણપૂર્વક ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. બન્ને સાહેદની આરોપીઓના વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

બન્ને સાહેદોની જુબાનીનું મુલ્યાંકન કરતા ફરિયાદપક્ષના કેસ મુજબ આરોપી રફીકભાઈ રહીમભાઈએ આ બન્ને સાહેદોની હાજરીમાં ગુન્હો કરવા ઉપયોગમાં લીધેલ લાકડી જે જગ્યાએ સંતાડેલ તે જગ્યાએ આરોપી પંચોને તથા પોલીસને સાથે લઈ જઈ શોધી આપી રજૂ કરતા આંક–૩૫ નાં ડિસ્કવરી પંચનામાની વિગતે મુદામાલ તરીકે કબજે કરેલ.પરંતુ બન્ને પંચ સાહેદો તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં તેવી કોઈ હકીકત જણાવતા નથી અને ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરતા નથી અને સંપૂર્ણપણે વિમુખ જાહેર થયેલ છે જેથી આરોપીઓ સામેનો આરોપ

પુરવાર કરવા સદર બન્ને સાહેદોની જુબાની પર આધાર રાખી શકાય નહીં.

**૧૯.** ફરિયાદપક્ષ તરફે આંક–૩૮ થી સાહેદ નં.૧૦ ડો.શંભુકુમાર બાબુલાલ રાયને સોગંદ પર તપાસેલ છે. સાહેદ સોગંદ પર જણાવે છે કે તેઓ મહાત્મા ગાંધી હોસ્પિટલ, સુરેન્દ્રનગર ખાતે તા.૧૨–૧૧–૨૦૧૪ નાં રોજ મેડિકલ ઓફિસર તરીકે ફરજ પર હતાં તે વખતે કલાક ૧૧–૧૫ વાગ્યે આ કામના ઈજા પામનાર રમઝાનભાઈ રસુલભાઈ તેમની હોસ્પિટલમાં સારવાર અર્થે આવેલા તે વખતે તેણે જણાવેલ કે, "રહીમ મોહમદ ભટ્ટી, રફીક મોહમદ ભટ્ટી, ઈમરાન રહીમ ભટ્ટીએ ગળાની ડાબી બાજુએ છરી મારેલ છે". દર્દીને તપાસતા તે ભાનમાં હતાં અને નીચે મુજબની ઈજાઓ જોવા મળેલ :–

(૧) ગરદનની ડાબી બાજુએ ૧૨ સેમી લંબાઈ અને ૧ાા સેમી પહોળો અને ૧ સેમી ઉંડાઈનો એક ઉંડો ઘા હતો.

(૨) ગરદનની બહારની બાજુએ એક નસ જે કપાયેલી હતી જેનું ઓપરેશન થિયેટરમાં એનેસ્થીયા આપીને ઓપરેશન કરવામાં આવેલ હતું.

દર્દીને તેમની હોસ્પિટલમાં તા.૨૩–૧૧–૨૦૧૪ સુધી અંદરના દર્દી તરીકે સારવાર આપવામાં આવેલ હતી. દર્દીની ઈજા સાદી અને તિક્ષ્ણ હથિયારથી થઈ શકે તે પ્રકારની હતી અને જો દર્દીને અન્ય કોઈ કોમ્પ્લીકેશન ઉભા ન થાય તો દર્દીને થયેલ ઈજા દશથી બાર દિવસમાં રિકવર થઈ શકે તે પ્રકારની હતી. સાહેદને મુદામાલ છરી બતાવવામાં આવતા તે જોઈને જણાવે છે કે આ છરીથી આ પ્રકારની ઈજા સંભવી શકે તેમ હતી. આ બનાવ અંગે તેઓએ ડિવિઝન સિટી પો.સ્ટે. સુરેન્દ્રનગરને જાણ કરેલ હતી. સાહેદે તેમની જુબાની દરમિયાન આંક–૩૯ થી દર્દી રમઝાનભાઈ રસુલભાઈનું મેડિકલ સર્ટિફિકેટ, આંક–૪૦ થી રમઝાનભાઈ રસુલભાઈનું લીધેલ બ્લડ સેમ્પલ અંગેનું ફોર્મ, આંક–૪૧ થી આરોપી રહીમભાઈ મહમદભાઈનું લીધેલ બ્લડ સેમ્પલ અંગેનું ફોર્મ, આંક–૪૨ થી બ્લડ સેમ્પલ લેવા લખેલ પોલીસયાદી તથા આંક–૪૩ થી રમઝાનભાઈ રસુલભાઈના ઈન્ડોર કેસ પેપર્સ રજૂ કરેલ છે.

સાહેદની આરોપીઓના વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓ જણાવે છે કે દર્દીને તેમની પાસે તેના સગાવ્હાલા લાવેલ. કોઈ

વ્યકિત પડી જાય અને પતરુ અથવા તો અણીદાર પથ્થર વાગે તો આ દર્દીને ઈજા થયેલ છે તેવી ઈજા થઈ શકે. સામાન્ય ઈજા હોય તો દર્દીને બહારના દર્દી તરીકે સારવાર આપીને રજા આપી દેતા હોઈએ છીએ. આ દર્દીને તેમની હોસ્પિટલમાં ૧૨ દિવસ રાખવામાં આવેલ. આ દર્દીને ફકત એક જ ઈજા જાણવા મળેલી. આ દર્દીને અન્ય કોઈ જગ્યાએ હાયર સેન્ટરમાં સારવાર માટે મોકલેલ નથી.

સાહેદની જુબાનીનું મુલ્યાંકન કરતા સદર સાહેદ પાસે ફરિયાદી રમઝાનભાઈ રસુલભાઈ તા.૧૨–૧૧–૨૦૧૫ નાં રોજ સારવાર લેવા માટે આવેલ ત્યારે ફરિયાદીએ સદર સાહેદ સમક્ષ હિસ્ટ્રી આપેલી કે "રહીમ મોહમદ ભટ્ટી, રફીક મોહમદ ભટ્ટી, ઈમરાન રહીમ ભટ્ટીએ ગળાની ડાબી બાજુએ છરી મારેલ છે" અને આ દર્દીને તપાસતા ગરદનની ડાબી બાજુએ ૧૨ સેમી × ૧ાા સેમી × ૧ સેમી ઉંડો કપાયેલ ઘા હોવાનું જણાઈ આવે છે અને દર્દીને ગરદનની બહારની બાજુએ એક નસ જે કપાયેલ હતી તેનું ઓપરેશન કરવામાં આવેલ હોવાનું જણાઈ આવે છે તેમજ ઈજા પામનારને જે ઈજા થયેલ તે ખૂબ જ ગંભીર પ્રકારની હતી અને તે ઈજાથી ઈજા પામનારનું મૃત્યું નિપજી શકત તેમજ ઈજા પામનારને થયેલ ઈજા મુદામાલ છરીથી થઈ શકે તેવી હોવાનું જણાઈ આવે છે જેથી આરોપીઓ સામેનો આરોપ પુરવાર કરવા સદર તબીબી સાહેદની જુબાની પર આધાર રાખી શકાય.

**૨૦.** ફરિયાદપક્ષ તરફે આંક–૪૪ થી સાહેદ નં.૧૧ નૈમેશ મનુભાઈ સોનીને સોગંદ પર તપાસેલ છે. સાહેદ સોગંદ પર જણાવે છે કે તા.૧૩–૧૧–૨૦૧૪ નાં રોજ તેઓ સાયન્ટીફિક ઓફિસર મોબાઈલ ઈન્વેસ્ટીગેશન વાનમાં ફરજ ઉપર હાજર હતાં તે વખતે તેઓને સુરેન્દ્રનગર એ–ડિવિઝન પો.સ્ટે.માંથી હાલના બનાવ અંગેનો વાયરલેસ મેસેજ મળતા તેઓ તા.૧૪–૧૧–૨૦૧૪ નાં કલાક ૧૧–૦૦ વાગ્યે બનાવવાળી જગ્યા એટલે કે અરીહંત ઓટો ટ્રેડર્સ સામે, શ્રવણ ટોકીઝ પાસે સુરેન્દ્રનગર ગયેલ તે વખતે બનાવવાળી જગ્યાએ મિતેશભાઈ એ.પટેલ પોલીસ કોન્સ્ટેબલે બનાવવાળી જગ્યા બતાવેલ જે જગ્યાનું વૈજ્ઞાનિક પધ્ધતિથી નિરીક્ષણ કરેલ અને બનાવ સબબ નીચે મુજબના મુદ્દામાલ કબજે લઈ વધુ પરીક્ષણ અર્થે એફએસએલ મોકલી આપવા સૂચન કરેલ :–

(૧) બનાવ સબબ ફરિયાદી, શંકાસ્પદ આરોપીઓએ બનાવ સમયે પહેરેલ કપડાં.
(૨) બનાવ સંબંધે ઉપયોગમાં લેવાયેલ હથિયારો.
(૩) ફરિયાદીના સારવાર દરમિયાન ડોકટરશ્રીએ લીધેલ સેમ્પલ.
(૪) પંચો રૂબરૂ લેવામાં આવેલ સેમ્પલ.

તેમજ બનાવવાળી જગ્યાને મહદઅંશે આવરી લે તેવી રીતે ફોટોગ્રાફી કરવા સૂચન કરેલ. વધુમાં સૂચન કરવામાં આવેલ હતું કે હથિયાર કે અન્ય નમૂનાઓ મળી આવે તો એફએસએલમાં મોકલી આપવા. સદર સાહેદે તેમની જુબાની દરમિયાન આંક–૪૫ થી તેઓએ તૈયાર કરેલ રિપોર્ટ તથા આંક–૪૬ થી વાયરલેસ મેસેજ રજૂ કરેલ છે.

સાહેદની આરોપીઓના વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓ જણાવે છે કે બનાવસ્થળે તેઓ ગયા ત્યાં શાક માર્કેટ હોવાથી શાકભાજીની લારીઓ ઉભી હોય છે અને બાજુમાં શ્રવણ ટોકીઝ આવેલ છે તે તૂટેલ ફૂટેલ હાલતમાં છે. તેઓને અત્યારે યાદ નથી કે ટોકીઝનો તૂટેલ ફૂટેલ ભંગાર પડેલ હતો. તેઓ સ્થળ ઉપર ગયા ત્યારે તેમની સાથે કોમ્પ્યુટર કે લેપટોપ તેમની સાથે ન હતું. તેઓએ સ્થળ ઉપર કોઈ રિપોર્ટ તૈયાર કરેલ નથી. તેઓએ સ્થળ ઉપરથી કોઈ મુદામાલ કબજે કરેલ નથી. કહેવાતો બનાવ તા.૧૨–૧૧–૨૦૧૪ નાં રોજ બનેલ અને રિપોર્ટ મુજબ તેઓએ સ્થળ પરીક્ષણ તા.૧૪–૧૧–૨૦૧૪ નાં રોજ કરેલ. તેઓ ત્યાં ગયા ત્યારે બનાવ અંગેના ચિન્હો તેમને જોવા મળેલ નહી.

સાહેદની જુબાનીનું મુલ્યાંકન કરતા સાહેદ સ્વતંત્ર સાહેદ છે અને તેઓ તા.૧૪–૧૧–૨૦૧૪ નાં રોજ બનાવસ્થળે ગયેલ હોવાનું અને બનાવસ્થળનું નિરીક્ષણ આંક–૪૫ નાં રિપોર્ટમાં જણાવ્યા મુજબનું કરેલ હોવાનું પુરવાર થાય છે. જેથી, આરોપીઓ સામેનો આરોપ પુરવાર કરવા માટે સાહેદની જુબાની પર આધાર રાખી શકાય.

**૨૧.** ફરિયાદપક્ષે આંક–૫૧ થી સાહેદ નં.૧૨ રસુલભાઈ ઈસાભાઈ જેડાને સોગંદ પર તપાસેલ છે. સાહેદ સોગંદ પર જણાવે છે કે તેઓ સુરેન્દ્રનગર મુકામે ટાંકી ચોકમાં જૂની પસ્તી લે – વેચની દુકાન છે. તેમને સંતાનમાં ત્રણ દીકરી અને બે દીકરા છે જેમાં મોટી બે દીકરી અને દીકરા રમજાનના લગ્ન કરેલ છે. રમઝાન ઓટો રિક્ષા

ચલાવે છે અને તે જૂના પુઠા તથા પસ્તી ઉઘરાવી તેમની દુકાને લાવે છે અને તેઓ તેનો વેપાર કરે છે. આ બનાવ ૨૦૧૪ નાં નવેમ્બર માસમાં બનેલ. સવારે તેઓ તેમની દુકાને ગયેલ અને તેમના પત્ની રોશનબેન પણ દુકાને હતાં અને તેમનો દીકરો રમઝાન રિક્ષા લઈ પસ્તી ઉઘરાવવા ગયેલ અને સવારના સાડાદશ – અગિયાર વાગ્યાના અરસામાં તેમના દીકરા રમઝાનનો ફોન આવેલ કે, "રહીમ મહંમદે છરી મારેલ છે અને હું શ્રવણ ટોકીઝ પાસે ઉભો છું અને તમે જલ્દી આવો" જેથી તેઓ અને તેમના પત્ની શ્રવણ ટોકીઝ આગળ તેમનો દીકરો ઉભો હતો ત્યાં ગયેલા અને ત્યાં જઈને જોયું તો આ રમઝાનના ગળાના ભાગે લોહી નીકળતુ હતું જેથી તેમના પત્નીએ રમજાનનો શર્ટ કાઢી તેના ગળા ઉપર બાંધેલો અને બાદમાં તેઓ બન્ને તેમના દીકરાને સારવાર માટે ગાંધી દવાખાને લઈ ગયેલ અને ત્યાં ગાંધી હોસ્પિટલમાં દાખલ કરેલ અને ડોકટર સાહેબે તે ગંભીર હોવાનું જણાવી તેમના દીકરાનું ડોકટર સાહેબે તાત્કાલિક ઓપરેશન કરેલુ. આ કામની ફરિયાદ તેમના દીકરાએ દવાખાનામાં આપેલી. આ બનાવ બાબતે તેઓએ તેમના દીકરાને પૂછતા તેણે જણાવેલ કે રહીમની દીકરી રેશમાએ ગળે ફાંસો ખાઈ આપઘાત કરેલ હતો અને તેમાં તેમની અને તેમના દીકરા અને તેમની દીકરી વગેરે વિરુદ્ધ કેસ કરેલો જેમાં તેઓ તમામને કોર્ટે નિર્દોષ છોડી દીધેલા તેમછતાં આ રહીમ અવાર–નવાર તેમના દીકરા સાથે ઝઘડો કરતો હતો અને બનાવ બાબતે તેમના દીકરાએ એવું પણ જણાવેલ કે "હું પુઠા લઈને રિક્ષામાં મૂકતો હતો અને પુઠા હું લક્ષ્મી નોવેલ્ટીવાળી દુકાનમાંથી લઈ મારી રિક્ષામાં મૂકતો હતો તે વખતે આ રહીમ અને તેના દીકરા રફીક અને ઈમરાન આવેલા અને કહેલ કે "આ બાજુ પુઠા લેવા કેમ આવેલ છું" તેમ કહી ગાળો દેવા લાગેલા અને ત્યારબાદ રહીમના દીકરા રફીક અને ઈમરાને તેનો હાથ પકડી લઈ રહીમે તેની પાસેની છરી કાઢી ગળા ઉપર ઘા મારેલો આવી હકીકત તેમના દીકરાએ તેમને જણાવેલ. પોલીસે તેમનો જવાબ લીધેલ તેમાં તેઓએ ઉપર મુજબની હકીકત જણાવેલી. સાહેદ આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.

સાહેદની આરોપીઓના વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓ જણાવે છે કે પોલીસે તેમને બીજા દિવસે જવાબ લેવા માટે બોલાવેલ અને તે પહેલાં પોલીસે બોલાવેલ નહી. પો.સ્ટે. જવાબ આપવા તેઓ અને

તેમના પત્ની ગયેલા. તેમને અને તેમની પત્નીને બન્નેને પોલીસે પૂછેલ. તેમની પત્નીનો જવાબ તેઓએ લખાવેલ. બનાવ વખતે તેઓ હાજર ન હોય તેમને બનાવની જાત–માહિતી નથી. અગાઉના કેસ બાબતે મનદુઃખ રાખી તેમના દીકરાએ આરોપીઓ સાથે ઝઘડો કરેલ હોવાનો અને તેઓને ઈજા પહોંચાડેલ હોવાનો સાહેદે ઈન્કાર કરેલ છે. આરોપીઓએ તેઓની ઉપર માર મારવા બાબતનો કેસ કરેલ તે હાલમાં ચાલુ છે.

સાહેદની જુબાનીનું મુલ્યાંકન કરતા ફરિયાદપક્ષના કેસ મુજબ સાહેદ આ કામે ઈજા પામનાર ફરિયાદીના પિતા છે. સાહેદ બનાવના નજરે જોનાર સાહેદ નથી. ફરિયાદપક્ષના કેસ મુજબ આ કામે ઈજા પામનાર ફરિયાદીએ સાહેદને બનાવ વખતે બનેલ હકીકતો જણાવેલ અને બનાવ બાદ તે સ્થળ પર જતાં તેઓએ ઈજા પામનાર તેમના દીકરાને ગળાના ભાગે ઈજા થયેલ તે જોયેલ અને તેને દવાખાને સારવાર માટે લઈ ગયેલ જે તમામ હકીકતો સાહેદે તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવેલ છે જે સમગ્ર હકીકતો વિશ્વસનીય અને માનવાલાયક જણાય છે જેથી આરોપીઓ સામેનો આરોપ પુરવાર કરવા સદર સાહેદની જુબાની પર આધાર રાખી શકાય.

**૨૩.** ફરિયાદપક્ષ તરફે આંક–પ૩ થી સાહેદ નં.૧૩ રમજાનભાઈ રસુલભાઈ જેડાને સોગંદ પર તપાસેલ છે. સાહેદ સોગંદ પર જણાવે છે કે તેઓ સુધારા પ્લોટ, રતનપર ખાતે તેમના બા–બાપુજી તથા પરિવાર સાથે રહે છે અને શહેરમા પુઠા પસ્તી ભેગા કરીને રિક્ષામાં ભરી તેનો વેપાર ધંધો કરે છે. હાલના બનાવ તા.૧૨–૧૧–૧૪ નાં રોજ બનેલ. બનાવના દિવસે સવારે તેઓ તેમના ઘરેથી તેમની રિક્ષા લઈને ખીજડીયા હનુમાન પાસે શાક માર્કેટ સામે આવેલ લક્ષ્મી કટલેરીવાળાને ત્યાં પુઠા લેવા માટે સાડાદશ વાગ્યે પહોંચેલ અને તે વખતે ખાટકીવાડમાં રહેતો રહીમ મહંમદ ભટ્ટી ધોકો લઈને ગાળો બોલતો બોલતો તેમની પાસે આવેલ અને તેમને કહેલ કે, "તને ના કહેલ છે અને તારે ગામમાં નહીં આવવાનું" જેથી તેઓએ કહેલ કે, "આ મારો ધંધો છે અને હું અહીયા ધંધો કરવા ન આવું?" તેમ કહેતા ત્યાં હાજર રફીક રહીમભાઈ ભટ્ટી તથા ઈમરાન રહીમભાઈ ભટ્ટીએ તેમના હાથ પકડી રાખેલ અને બાદમાં આ રહીમે સૌ પ્રથમ લાકડાનો ધોકો તેમને ડાબા પગમાં ગોઠણના નીચેના ભાગે મારેલ જેથી તેઓ

રાડો પાડવા લાગેલ અને ત્યાં ઘણાં માણસો ભેગા થઈ જતાં રહીમ મહંમદ તથા તેના બન્ને દીકરા તેમને ઢસડીને શ્રવણ ટોકીઝ પાસે લઈ ગયેલા અને ત્યારબાદ રહીમે તેની કમ્મરમાંથી છરી કાઢી તેમની ગરદનની ડાબી બાજુએ કાનની નીચે ગળા વચ્ચે મારેલી અને તેમને લોહી નીકળવા લાગતા અને ત્યાં બધા માણસો ભેગા થઈ જતાં રહીમ તથા તેના બન્ને દીકરા ત્યાંથી ભાગી ગયેલા અને તેમણે લોહી નીકળતું હતું ત્યાં હાથ રાખેલ અને તેમના બાપુજીને મોબાઈલથી જાણ કરેલી અને તેઓ થોડીવારમાં ત્યાં આવી ગયેલા અને બાદમાં ઓટો રિક્ષામાં બેસાડી મહાત્મા ગાંધી હોસ્પિટલમાં લઈ ગયેલા ત્યાં હોસ્પિટલના ડોકટર સાહેબે તેમના ગળાના ડાબી બાજુએ ઓપરેશન કરી ટાંકા લીધેલા. તેઓએ આ બનાવ અંગેની ફરિયાદ દવાખાનામાં આપેલી. સાહેદને આંક–૫૪ થી રજૂ થયેલ ફરિયાદ બતાવવામાં આવતા તે જોઈને જણાવે છે કે આ ફરિયાદ તેઓએ આપેલી જે તેઓએ વાંચેલી અને વાંચ્યા બાદ તેઓએ તેમાં સહી કરેલી. ફરિયાદ વખતે તેઓ સંપૂર્ણ ભાનમાં હતાં. સાહેદ આરોપીઓને તથા મુદામાલ લાકડાનો ધોકો અને છરીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે. વિશેષમાં સાહેદ જણાવે છે કે ગાંધી હોસ્પિટલના ડોકટર સાહેબે તેઓને તપાસતા તેઓએ બનાવ અંગેની હકીકત તેઓને જણાવેલ તેમજ હોસ્પિટલમાં મામલતદાર સાહેબ વઢવાણનાંઓ તેમનું નિવેદન લેવા આવેલા જેમાં તેઓએ ફરિયાદમાં જણાવેલ હકીકત પણ તેઓને જણાવેલી. તેઓને બનાવ સમયે પહેરેલ શર્ટ બતાવવામાં આવતા તે જોઈને જણાવે છે કે આ આછા પોપટી કલરનો શર્ટ જે લોહીથી ખરડાયેલ છે તે બનાવ સમયે તેઓએ પહેરેલ હતો તે જ છે જે ઓળખી બતાવે છે. તેઓએ ઓપરેશન બાદ આશરે ૧૨ દિવસ જેટલો સમય અંદરના તરીકે સારવાર લીધેલ હતી.

સાહેદની આરોપીઓના વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓ જણાવે છે કે તેઓ પુઠાનો ધંધો કરે છે અને તે લેવા માટે સુરેન્દ્રનગર આખામાં ફરે છે. તેઓ જે ધંધો કરે છે તે અંગેનું લખાણ કરે છે. તેઓ બનાવના દિવસે પુઠા લેવા ગયેલ તે બાબતનું લે – વેંચનું લખાણ પોલીસને આપેલ હતું. તેઓ રતનપર મુકામે રહે છે અને આરોપીઓ ઘાંચીવાડની પાછળની સાઈડ રહે છે. ઘાંચી વાડની પાછળથી શ્રવણ ટોકીઝનો રસ્તો આવેલ છે અને ત્યાં જતાં પાંચ દશ

મિનિટનો રસ્તો છે. અગાઉ આરોપી રહીમ મહમદની દીકરીને મારી નાંખવા બદલનો તેમના તથા ઘરના સભ્યો સામે કેસ ચાલેલો. તેઓને સામસામી ફરિયાદો થયેલી છે. આરોપીઓએ માર મારવા બદલની ફરિયાદ થયેલી છે જે કેસ હાલ પેન્ડીગ છે. તેઓએ આ કામની ફરિયાદ તા.૧૨–૧૧–૨૦૧૪ નાં રોજ આપેલી જે ફરિયાદ તેઓએ વાંચેલી. ફરિયાદ આપતા સમયે ત્યાં તેમના માતા–પિતા તથા બનેવી હાજર હતાં. તેમના માતા પિતાએ બનાવ અંગે પોલીસ સાથે વાતચીત કરેલી જે બીજા દિવસે કરેલી. બનાવના દિવસે ગાંધી હોસ્પિટલમાં તેઓ હાજર હતાં ત્યારે પોલીસે બધાની પૂછપરછ કરેલ હોવાનો સાહેદ ઈન્કાર કરે છે. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેઓએ તેમની પોલીસ રૂબરૂની ફરિયાદમાં એવી હકીકત લખાવેલ નથી કે "તે વખતે ખાટકીવાડમાં રહેતો રહીમ મહંમદ ભટ્ટી ધોકો લઈને ગાળો બોલતો બોલતો મારી પાસે આવેલ અને મને કહેલ કે તને ના કહેલ છે અને તારે ગામમાં નહીં આવવાનું તે વખતે ત્યાં હાજર રફીક રહીમભાઈ ભટ્ટી તથા ઈમરાન રહીમભાઈ ભટ્ટીએ મારા હાથ પકડી રાખેલ અને આ રહીમ મહમદ તથા તેના બન્ને દીકરા મને ઢસડીને શ્રવણ ટોકીઝ પાસે લઈ ગયેલા અને ત્યારબાદ રહીમે તેની કમ્મરમાંથી છરી કાઢી મને ગરદનની ડાબી બાજુએ કાનની નીચે ગળા વચ્ચે છરી મારેલી અને મને લોહી નીકળવા લાગેલું". આરોપીઓને માર મારવા બદલની ફરિયાદ થયેલી છે જે કેસ હાલ પેન્ડીગ છે અને તે બાબતે આરોપીઓએ પણ હોસ્પિટલમાં સારવાર લીધેલી. સાહેદ હાલના આરોપીઓએ તેમને કોઈ માર મારેલ ન હોવાછતાં તેમની સામે ખોટી ફરિયાદ કરેલ હોવાનો તથા હાલના આરોપીઓ પાસે કોઈ હથિયાર નહી હોવાનો તથા તે હથિયારથી તેમને કોઈ ઈજા કરેલ નહી હોવાનો ઈન્કાર કરે છે. તેઓ તેમની રિક્ષા લઈને ટ્રાફિકમાં નીકળેલ અને ટ્રાફિક દૂર કરવાના પ્રયત્નમાં અન્ય રિક્ષા સાથે ભટકાતા પતરુ વાગતા તેમને ઈજા થયેલાનો અને હાલના આરોપીઓએ તેમની સામે ફરિયાદ કરેલ હોય તેનું મનદુઃખ રાખી આરોપીઓ સામે તેઓએ તેમના માતા–પિતાના કહેવાથી હાલની ખોટી ફરિયાદ કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે.

સાહેદની જુબાનીનું મુલ્યાંકન કરતા ફરિયાદપક્ષના કેસ મુજબ સાહેદ બનાવમાં ઈજા પામનાર સાહેદ છે અને બનાવ અંગેની ફરિયાદ આપનાર ફરિયાદી છે

અને આંક–૫૪ થી રજૂ થયેલ ફરિયાદમાં જણાવેલ મહદઅંશેની હકીકતોને વળગી રહેલ છે. આંક–૫૪ ની ફરિયાદમાં ફરિયાદીએ આરોપી રહીમે તેની કમ્મરમાંથી છરી કાઢી ગરદનની ડાબી બાજુએ કાનની નીચેના ભાગે ગળા વચ્ચે મારેલાનું જણાવેલ છે અને તે જ હકીકત સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે અને ઉલટતપાસ દરમિયાન આરોપીઓને મદદરુપ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી અને સાહેદની જુબાની વિશ્વસનીય, સ્વાભાવિક, કુદરતી અને માનવાલાયક જણાય છે. જેથી, આરોપીઓ સામેનો આરોપ પુરવાર કરવા સાહેદની જુબાની પર આધાર રાખી શકાય.

**૨૪.** ફરિયાદપક્ષ તરફે આંક–૬૫ થી સાહેદ નં.૧૪ સતારભાઈ મહંમદભાઈ સોલંકીને સોગંદ પર તપાસેલ છે. સાહેદ સોગંદ પર જણાવે છે કે તેમની દુકાન સને ૨૦૧૪ માં શ્રવણ ટોકીઝ પાસે આવેલ હતી તે વખતે તેઓએ દિનેશભાઈ શાહની દુકાન ભાડે રાખીને ત્યાં તેઓ ઘડિયાળ રિપેરીંગનું કામ કરતા હતાં. સને ૨૦૧૪ ની સાલમાં તેઓ તેમનું કામકાજ કરતા હતાં ત્યારે ત્યાં શાક માર્કેટ હોય અવાર–નવાર ડુંગળીની ગાડી આવતી હોય અને શાક માર્કેટમાં તે માલ ખાલી કરીને પરત જતી હોય તે સમયે ઘણાં માણસોનું ટોળુ ભેગુ થઈ ગયેલુ પરંતુ ત્યાં ડુંગળીની ગાડી આડી પડેલી હોય તેઓએ કાંઈ જોયેલુ ન હતું. સાહેદ જણાવે છે કે તે સમયે ઘણાં માણસોનું ટોળુ ભેગું થઈ ગયેલું અને ત્યાં એક છોકરાના ગળાના ભાગે લોહી નીકળતુ હોય અને તે સામેના ભાગે ઉભો હોય અને થોડીવાર પછી એક ભાઈ તથા એક બહેન આવેલા હોય અને બહેને આ છોકરાના ગળે તેનો શર્ટ બાંધી એક ઓટો રિક્ષામાં દવાખાને લઈ ગયેલાનું તેઓએ જોયેલ હોય તેવું બનેલ નથી. સાહેદને વિમુખ જાહેર કરવામાં આવેલ છે અને વિદ્વાન એપીપીશ્રી દ્વારા સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓ ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરતા નથી. સાહેદની આરોપીઓના વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

સાહેદની જુબાનીનું મુલ્યાંકન કરતા ફરિયાદપક્ષના કેસ મુજબ બનાવ વખતે સાહેદે એક છોકરાને ગળાના ભાગે ખૂબ જ લોહી નીકળતો જોયેલ અને બાદમાં આ છોકરાને એક ભાઈ અને એક બહેન આવેલા અને બહેને આ છોકરાને ગળે તેનો શર્ટ બાંધી એક ઓટો રિક્ષામાં દવાખાને લઈ ગયેલ. પરંતુ તેવી કોઈ હકીકત સાહેદ તેમની

કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવતા નથી અને ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરતા નથી અને સંપૂર્ણપણે વિમુખ જાહેર થયેલ છે. જેથી, આરોપીઓ સામેનો આરોપ પુરવાર કરવા સદર સાહેદની જુબાની પર આધાર રાખી શકાય નહી.

**૨૫.** ફરિયાદપક્ષ તરફે આંક–૬૬ થી સાહેદ નં.૧૫ નવીનભાઈ પરસોતમદાસ દંગીને સોગંદ પર તપાસેલ છે. સાહેદ સોગંદ પર જણાવે છે કે તેઓ સુરેન્દ્રનગર શ્રવણ ટોકીઝની બાજુમાં "શ્રીનાથજી સેલ્સ એન્ડ સર્વિસ" નામની દુકાનમાં ત્રાંબા, પીત્તળના વાસણ વેચવાનો તથા કૂકર રિપેરીંગનો ધંધો કરે છે. બનાવ સમયે એટલે કે સને ૨૦૧૪ નાં નવેમ્બર મહિનામાં સવારે તેઓ તેમની દુકાને હતાં અને તેમનું કામકાજ કરતા હતાં ત્યારે ત્યાં શાક માર્કેટ હોય અવાર–નવાર ડુંગળીની ગાડી આવતી હોય અને શાક માર્કેટમાં તે માલ ખાલી કરીને પરત જતી હોય તે સમયે ઘણાં માણસોનું ટોળુ ભેગુ થઈ ગયેલુ પરંતુ ત્યાં ડુંગળીની ગાડી આડી પડેલી હોય તેઓએ કાંઈ જોયેલુ ન હતું. સાહેદ જણાવે છે કે તે સમયે ઘણાં માણસોનું ટોળુ ભેગું થઈ ગયેલું અને ત્યાં એક છોકરાના ગળાના ભાગે લોહી નીકળતુ હોય અને તે સામેના ભાગે ઉભો હોય અને થોડીવાર પછી એક ભાઈ તથા એક બહેન આવેલા હોય અને બહેને આ છોકરાના ગળે તેનો શર્ટ બાંધી એક ઓટો રિક્ષામાં દવાખાને લઈ ગયેલાનું તેઓએ જોયેલ હોય તેવું બનેલ નથી. સાહેદને વિમુખ જાહેર કરવામાં આવેલ છે અને વિદ્વાન એપીપીશ્રી દ્વારા સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓ ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરતા નથી. સાહેદની આરોપીઓના વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

સાહેદની જુબાનીનું મુલ્યાંકન કરતા ફરિયાદપક્ષના કેસ મુજબ બનાવ વખતે સાહેદે એક છોકરાને ગળાના ભાગે ખૂબ જ લોહી નીકળતો જોયેલ અને બાદમાં આ છોકરાને એક ભાઈ અને એક બહેન આવેલા અને બહેને આ છોકરાને ગળે તેનો શર્ટ બાંધી એક ઓટો રિક્ષામાં દવાખાને લઈ ગયેલ. પરંતુ તેવી કોઈ હકીકત સાહેદે તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવતા નથી અને ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરતા નથી અને સંપૂર્ણપણે વિમુખ જાહેર થયેલ છે. જેથી, આરોપીઓ સામેનો આરોપ પુરવાર કરવા સદર સાહેદની જુબાની પર આધાર રાખી શકાય નહી.

**૨૬.** ફરિયાદપક્ષે આંક–૬૮ થી સાહેદ નં.૧૬ મુબારકભાઈ હસનઅલી ચામડીયાને સોગંદ પર તપાસેલ છે. સાહેદ સોગંદ પર જણાવે છે કે તેઓ જે.કે.બ્રધર્સ નામની લીજ્જત પાપડની દુકાનમાં કામ કરે છે. તેઓ આ દુકાન નવથી સાડા–નવના અરસામાં ખોલે છે. બનાવના દિવસે સવારના સાડાદશ વાગ્યાના અરસામાં તેઓ તેમનો વેપાર કરતા હતાં તે વખતે તેમની દુકાન પાસે ઘણાં માણસોનું ટોળુ ભેગુ થયેલું પરંતુ તેઓ તેમના વેપારમાં હોય શું બનાવ બનેલો તે તેમણે જોયેલ નહીં. તેમની હાજરીમાં એક છોકરાને ગળાના ભાગે વાગેલ હોય અને તેને લોહી નીકળતુ હોય અને તે વખતે એક બહેન આવેલા હોય અને તેને ઓટો રિક્ષામાં દવાખાને લઈ જતાં હોય તેવું તેઓએ જોયેલ નથી. સાહેદને વિમુખ જાહેર કરવામાં આવેલ છે અને વિદ્વાન એપીપીશ્રી દ્વારા સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓ ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરતા નથી. સાહેદની આરોપીઓના વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

સાહેદની જુબાનીનું મુલ્યાંકન કરતા ફરિયાદપક્ષના કેસ મુજબ બનાવ વખતે સાહેદે એક છોકરાને ગળાના ભાગે ખૂબ જ લોહી નીકળતો જોયેલ અને બાદમાં આ છોકરાને એક ભાઈ અને એક બહેન આવેલા અને બહેને આ છોકરાને ગળે તેનો શર્ટ બાંધી એક ઓટો રિક્ષામાં દવાખાને લઈ ગયેલ. પરંતુ તેવી કોઈ હકીકત સાહેદે તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવતા નથી અને ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરતા નથી અને સંપૂર્ણપણે વિમુખ જાહેર થયેલ છે. જેથી, આરોપીઓ સામેનો આરોપ પુરવાર કરવા સદર સાહેદની જુબાની પર આધાર રાખી શકાય નહીં.

**૨૭.** ફરિયાદપક્ષ તરફે આંક–૬૯ થી સાહેદ નં.૧૭ ઉજાશભાઈ ભોગીલાલ દોશીને સોગંદ પર તપાસેલ છે. સાહેદ સોગંદ પર જણાવે છે કે તેઓ સુરેન્દ્રનગર મુકામે ખીજડીયા હનુમાન પાસે આવેલ "મુકુટમણી" કોમ્પ્લેક્ષમાં રોડ ઉપરની દુકાનમાં "મુકેશચંદ્ર એન્ડ કંપની" નામની દુકાનમાં અનાજ કરિયાણાનો વેપાર કરે છે. તેઓ તેમની દુકાન દરરોજ સવારે આઠથી સાડા આઠ વાગ્યાના અરસામાં ખોલે છે. બનાવ સમયે તેઓ તેમની દુકાન આઠ સાડાઆઠ વાગ્યે ખોલેલી અને ત્યારબાદ તેઓ તેમની દુકાનમાં વેપાર કરતા હતાં. બનાવ સમયે સવારના દશથી અગિયાર વાગ્યાના અરસામાં

શ્રવણ ટોકીઝ પાસે ઝઘડો થતો હતો અને ઘણાં માણસોનું ટોળુ ભેગુ થયેલ હતું તે વખતે ઘણો અવાજ આવતો હતો અને થોડીવાર બાદ એક બહેન જે ભાઈને ત્યાં ગળાના ભાગે કપડૂ બાંધેલ હતું તેને રિક્ષામાં લઈ જતાં તેઓએ જોયેલા. પોલીસે તેમનો જવાબ લીધેલ. સાહેદની આરોપીઓના વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓ જણાવે છે કે તેમની દુકાન ટાવર રોડ ઉપર મેઈન રોડ પર આવેલી છે. તેઓ તેમની દુકાનમાં કામ કરતા હોય તો શ્રવણ ટોકીઝ પાસે શું બને છે તે તેઓ જોઈ ન શકે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેઓએ અવાજ સાંભળેલો પરંતુ કોની કોની વચ્ચે બોલાચાલી થયેલી તે તેઓએ જોયેલ નહીં.

સાહેદની જુબાનીમાં મુલ્યાંકન કરતા સાહેદ બનાવના નજરે જોનાર સાહેદ નથી પરંતુ બનાવ બાદ ઈજા પામનારના ગળાના ભાગે કપડૂ બાંધેલ જોયેલ અને ઈજા પામનારને એક ભાઈ અને એક બહેન રિક્ષામાં લઈ જતાં જોયેલા. પરંતુ સદર સાહેદે ઈજા પામનાર વ્યકિત કોણ હતાં અને ઈજા પામનાર વ્યકિતને કોણે કયાં હથિયારથી ઈજા કરેલ તે અંગેની કોઈ હકીકત તેમની જુબાનીમાં જણાવતા નથી જેથી આરોપીઓ સામેનો આરોપ પુરવાર કરવા સદર સાહેદની જુબાની પર આધાર રાખી શકાય નહીં.

**૨૮.** ફરિયાદપક્ષ તરફે આંક—૭૦ થી સાહેદ નં.૧૮ માંગીલાલ કોલારામ ચૌધરીને સોગંદ પર તપાસેલ છે. સાહેદ સોગંદ પર જણાવે છે કે તેઓ સુરેન્દ્રનગર ખીજડીયા હનુમાન પાસે આવેલ "મુકુટમણી" કોમ્પ્લેક્ષમાં દુકાન નં.૧—૨ માં "લક્ષ્મી નોવેલ્ટી સ્ટોર" નામની દુકાનમાં સાત આઠ વર્ષથી કટલેરીનો વેપાર કરે છે. બનાવ સમયે તેઓએ તેમની દુકાન સવારના સાડાઆઠ વાગ્યાના અરસામાં ખોલેલી તે વખતે તેમની દુકાનમાં પુઠા અને પસ્તી લેવા સુરેન્દ્રનગરના રમજાનભાઈ તેની ઓટો રિક્ષા લઈને આવેલ. તેઓ તેમની પાસે કાયમી ધોરણે પુઠા પસ્તી લઈ જતા હોય છે. તે દિવસે તેઓએ તોલમાપ કરી આશરે ૬૦ થી ૬૫ કિલો પુઠા તેને આપેલા અને તેણે તેમને રૂા.૭૩૦/— રોકડા આપેલા ત્યારબાદ તેઓ પુઠા ગોઠવતા હતાં અને સાહેદ તેમની દુકાનમાં ગ્રાહક હોય તેમના કામે લાગી ગયેલા. બાદમાં સવારના આશરે દશ વાગ્યાના અરસામાં ઘણાં માણસોનું ટોળુ ભેગુ થઈ ગયેલુ. આ સિવાય તેઓએ કાંઈ જોયેલુ

નહીં. સાહેદને વિમુખ જાહેર કરવામાં આવેલ છે અને વિદ્વાન એપીપીશ્રી દ્વારા સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી.

સાહેદની આરોપીઓના વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓ જણાવે છે કે તેઓ સવારે સાડાઆઠે દુકાન ખોલી રમજાનભાઈને પુઠા આપેલા અને રમજાનભાઈ પૈસા આપી તૂરત ત્યાંથી નીકળી ગયેલા. બનાવવાળા વિસ્તારમાં શાકભાજીની માર્કેટ તથા હોલસેલ વેપારીઓના ગોડાઉન આવેલ હોય ત્યાં હમેંશા માણસોના ટોળા હોય છે.

સાહેદની જુબાનીનું મુલ્યાંકન કરતા ફરિયાપક્ષના કેસ મુજબ બનાવના દિવસે સવારના આઠેક વાગ્યે સાહેદે તેમની "લક્ષ્મી નોવેલ્ટી" નામની દુકાન ખોલેલી તે વખતે ફરિયાદી રમજાનભાઈ મીયાણા તેમની ઓટો રિક્ષા લઈ પુઠા પસ્તી લેવા આવેલા અને તોલમાપ કરી ૬૦ થી ૬૫ કિલો પુઠા તેઓએ રમજાનભાઈને આપેલા અને રમજાનભાઈએ તેમને રૂા.૭૩૦/– રોકડા આપેલ અને ત્યારબાદ રમજાનભાઈ તેમની રિક્ષામાં પુઠા ગોઠવતા હતાં અને સાહેદ કામમાં લાગી ગયેલ. ત્યારબાદ સાડા દશેક વાગ્યે તેમણે બહાર રોડ પર ટોળુ હોઈ દુકાનમાંથી રોડ પર જતાં જોયેલ તો રમજાનભાઈને ગળાના ભાગે લોહી નીકળતુ હતું અને એક ભાઈ અને બહેન તેને રિક્ષામાં લઈ ગયેલ. સાહેદ કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર સવારમાં ફરિયાદી રમજાનભાઈ તેની દુકાને આવી ૬૦ થી ૬૫ કિલો પુઠા લઈ ગયેલ અને તેમને રૂા.૭૩૦/– રોકડા આપેલાનું જણાવે છે અને તે હકીકતથી પુરવાર થાય છે કે બનાવના દિવસે ફરિયાદી બનાવવાળી જગ્યાએ પુઠા લેવા ગયેલા તેમજ ફરિયાદીનું કથન કે તે બનાવના દિવસે સવારમાં પુઠા લેવા ગયેલા તે કથનને સમર્થન મળે છે. સાહેદની જુબાનીથી ફરિયાદીની બનાવસ્થળે હાજરી પુરવાર થાય છે. જેથી, આરોપીઓ સામેનો આરોપ પુરવાર કરવા સદર સાહેદની જુબાની પર આધાર રાખી શકાય.

**૨૯.** ફરિયાદપક્ષ તરફે આંક–૭૨ થી સાહેદ નં.૧૯ કમલેશભાઈ લલીતચંદ્ર દોશીને સોગંદ પર તપાસેલ છે. સાહેદ સોગંદ પર જણાવે છે કે તેઓ સુરેન્દ્રનગર મુકામે ખીજડીયા હનુમાન પાસે "મુકુટમણી" કોમ્પ્લેક્ષની બાજુમાં "મેટ્રો ટ્રેડીગ કંપની" નામની દુકાનમાં અનાજ કરિયાણાનો વેપાર કરે છે. આશરે ત્રણેક વર્ષ પહેલાં તેઓ સવારમાં

તેમની દુકાન ખોલી કરીયાણાનો વેપાર કરતા હતાં. તેમનું બેસવાનું કાઉન્ટર રોડથી અંદરના ભાગમાં છે જેથી બહાર થતી ગતિ વિધિની તેમને જાણકારી ન હોય. તે દિવસે આશરે દશ સાડાદશ વાગ્યાના અરસામાં શ્રવણ ટોકીઝ રોડ પર ઘણાં માણસોનું ટોળુ ભેગુ થઈ ગયેલુ તે વખતે શું બનાવ બનેલ અને કંઈ બાબત અંગે ઝઘડો થયેલો તે તેઓએ જોયેલ નથી. સાહેદને વિમુખ જાહેર કરવામાં આવેલ છે અને વિદ્વાન એપીપીશ્રી દ્વારા સાહેદની લંબાણપૂર્વક ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓ ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરતા નથી. સાહેદની આરોપીઓના વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

સાહેદની જુબાનીનું મુલ્યાંકન કરતા ફરિયાદપક્ષના કેસ મુજબ સાહેદની દુકાનાના આગળના ભાગે એક ઓટો રિક્ષા નં.જીજે–૭–ટી–૨૭૧૧ વાળો રિક્ષામાં પુઠા ભરી ઉભો હતો તેવામાં બે ત્રણ જણા ત્યાં આવેલા અને આ રિક્ષાવાળા સાથે ઝઘડો કરતા હતાં અને ઝઘડો કરતા આ લોકો સામેના ભાગે શ્રવણ ટોકીઝ રોડ આગળ જતાં રહેલ અને થોડીવાર પછી આ રિક્ષા ડ્રાઈવરને એક બીજી રિક્ષામાં એક બેન તથા એક ભાઈ દવાખાને લઈ ગયેલ હતાં આ રિક્ષાવાળાને ગળાના ભાગે ખૂબ જ લોહી નીકળતુ હતું. પરંતુ સાહેદ તેવી કોઈ હકીકત તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવતા નથી અને ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરતા નથી અને સંપૂર્ણપણે વિમુખ જાહેર થયેલ છે જેથી આરોપીઓ સામેનો આરોપ પુરવાર કરવા સદર સાહેદની જુબાની પર આધાર રાખી શકાય નહીં.

૩૦. ફરિયાદપક્ષ તરફે આંક–૭૩ થી સાહેદ નં.૨૦ રાજુભાઈ સોમાભાઈ સોલંકીને સોગંદ પર તપાસેલ છે. સાહેદ સોગંદ પર જણાવે છે કે તેઓ સુરેન્દ્રનગર મુકામે ખીજડીયા હનુમાન પાસે "મુકુટમણી" કોમ્પ્લેક્ષના આગળના ભાગે વસંતભાઈ ટપુભાઈ બારોટની ચા ની કેબીનમાં નોકરી કરે છે. આશરે ત્રણેક વર્ષ પહેલાં તેઓ સવારમાં તેમની ચા ની હોટલે ચા વેચતા હતાં જેથી બનાવ બાબતે તેમને જાણકારી નથી. તે દિવસે આશરે દશ સાડાદશ વાગ્યાના અરસામાં શ્રવણ ટોકીઝ રોડ પર ઘણાં માણસોનું ટોળુ ભેગું થઈ ગયેલું તે વખતે શું બનાવ બનેલ અને કંઈ બાબત અંગે ઝઘડો થયેલો તે તેઓએ જોયેલ નથી. સાહેદને વિમુખ જાહેર કરવામાં આવેલ છે અને વિદ્વાન

એપીપીશ્રી દ્વારા સાહેદની લંબાણપૂર્વક ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓ ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરતા નથી. સાહેદની આરોપીઓના વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

સાહેદની જુબાનીનું મુલ્યાંકન કરતા ફરિયાદપક્ષના કેસ મુજબ સાહેદની દુકાનાના આગળના ભાગે એક ઓટો રિક્ષા નં.જીજે–૭–ટી–૨૭૧૧ વાળો રિક્ષામાં પુઠા ભરી ઉભો હતો તેવામાં બે ત્રણ જણા ત્યાં આવેલા અને આ રિક્ષાવાળા સાથે ઝઘડો કરતા હતાં અને ઝઘડો કરતા આ લોકો સામેના ભાગે શ્રવણ ટોકીઝ રોડ આગળ જતાં રહેલ અને થોડીવાર પછી આ રિક્ષા ડ્રાઈવરને એક બીજી રિક્ષામાં એક બેન તથા એક ભાઈ દવાખાને લઈ ગયેલ હતાંઆ રિક્ષાવાળાને ગળના ભાગે ખૂબ જ લોહી નીકળતુ હતું. પરંતુ સાહેદ તેવી કોઈ હકીકત તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવતા નથી અને ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરતા નથી અને સંપૂર્ણપણે વિમુખ જાહેર થયેલ છે જેથી આરોપીઓ સામેનો આરોપ પુરવાર કરવા સદર સાહેદની જુબાની પર આધાર રાખી શકાય નહીં.

**૩૧.** ફરિયાદપક્ષ તરફે આંક–૭૫ થી સાહેદ નં.૨૧ રસુલભાઈ મહંમદભાઈ જામને સોગંદ પર તપાસેલ છે. સાહેદ સોગંદ પર જણાવે છે કે તેમને સુરેન્દ્રનગરમાં ટાવર પાસે "ઈમરાન પાન કોર્નર" નામની પાનની દુકાન આવેલી છે જેમાં તેઓ બેસી વેપાર કરે છે. તેમની દુકાન તેઓ સવારે ચાર સાડાચાર વાગ્યે ખોલે છે અને રાત્રીના નવ સાડાનવ સુધી દુકાન ખુલ્લી હોય છે. બનાવ બાદ પોલીસ રહીમ મહંમદભાઈને લઈને તેમની દુકાને સવારે દશ સાડાદશ વાગ્યે આવેલી અને પોલીસની હાજરીમાં રહીમ મહંમદભાઈએ તેમના પાનના થડાના ટેબલના બોર્ડ નીચેથી એક છરી કાઢી આપેલી તેણે છરી કાઢી આપતા તેઓને જાણ થયેલી. શા બાબત અંગેનો ઝઘડો થયેલો તેની તેમને ખબર નથી. સાહેદને મુદામાલની છરી બતાવવામાં આવતા તે જોઈને જણાવે છે કે જે રહીમભાઈએ તેમની દુકાનમાંથી તેમની તથા પોલીસની હાજરીમાં તેમના પાનના થડામાંથી જે છરી કાઢી આપેલી તે જ છે જે તેઓ ઓળખી બતાવે છે.

સાહેદની આરોપીઓના વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓ જણાવે છે કે તેઓ તેમનો થડો છોડીને કયાંય જતા નથી. તેઓ

દુકાનની અંદર સાઈડે બેસીને પાન માવા બનાવે છે. તેઓ જે જગ્યાએ બેસે છે ત્યાં એક જ વ્યકિત બેસી શકે. તેઓ દુકાનની અંદર બેઠા હોય અને કોઈ વ્યકિત કોઈ વસ્તું મૂકવા આવે તો તેઓ જોઈ શકે. છરી કોણ મૂકી ગયું છે તે તેઓએ નજરે જોયેલ નથી. છરી તેઓને પોલીસે બતાવેલી. બનાવ અંગે તેમને કોઈ જાત–માહિતી નથી. પોલીસે તેમની કોઈ પૂછપરછ કરેલ નથી કે તેમનો કોઈ જવાબ લીધેલ નથી.

સાહેદની જુબાનીનું મુલ્યાંકન કરતા સાહેદની ટાવર પાસે આવેલ "ઈમરાન પાન કોર્નર" નામની દુકાનના પાનના થડાના ટેબલના બોર્ડ નીચેથી આરોપી રહીમભાઈ મહંદમભાઈએ પોલીસની હાજરીમાં મુદામાલ છરી કાઢી આપેલાનું પુરવાર થાય છે. ફરિયાદપક્ષ તરફે આંક–૩૧ થી ડિસ્કવરી પંચનામુ રજૂ છે અને તે પંચનામા મુજબ આરોપી રહીમભાઈ મહમદભાઈ ભટ્ટીએ પાનના ગલ્લાના થડા નીચેથી છરી કાઢી આપેલ છે જે છરી પંચનામાની વિગતે પોલીસે તપાસ અર્થે કબજે કરેલ છે જે પંચનામાને સાહેદની જુબાનીથી સમર્થન મળે છે અને તેથી આરોપીઓ સામેનો આરોપ પુરવાર કરવા સદર સાહેદની જુબાની પર સંપૂર્ણપણે આધાર રાખી શકાય.

**૩૨.** ફરિયાદપક્ષે આંક–૮૦ થી સાહેદ નં.૨૩ જયેશકુમાર મગનલાલ વઢેરને સોગંદ પર તપાસેલ છે. સાહેદ સોગંદ પર જણાવે છે કે સને ૨૦૧૪ માં તેઓ સુરેન્દ્રનગર સિટી પો.સ્ટે.માં આર્મ્સ પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતાં તે વખતે સુરેન્દ્રનગર સિટી પો.સ્ટે.ફર્સ્ટ–ગુ.ર.નં.૧૮૩/૨૦૧૪ નાં કામે આ કામના ફરિયાદી તથા આરોપીના બ્લડ સેમ્પલ લઈ આવવા માટે પીએસઆઈશ્રી સુરેન્દ્રનગર એ–ડિવિઝન પો.સ્ટે.નાંઓએ મૌખિક હુકમ કરતા તેઓ સુરેન્દ્રનગર મહાત્મા ગાંધી હોસ્પિટલ ખાતે ગયેલા અને ફરિયાદી રમજાનભાઈ રસુલભાઈ જેડા, રહે. સુરેન્દ્રનગરવાળાના તથા આ કામના આરોપી રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટી રહે. સુરેન્દ્રનગરવાળાના બ્લડ સેમ્પલ અલગ અલગ સીલબંધ તેઓને સોંપતા સદરહું સીલબંધ સેમ્પલ લઈને પીએસઆઈશ્રીને રજૂ કરતા તેઓએ તપાસના કામમાં સંભાળી લીધેલ. સાહેદને મુદામાલ આર્ટિકલ નં.૭ અને ૮ વાળી બ્લડ સેમ્પલની સીલબંધ શીશીઓ બતાવવામાં આવતા તે જોઈને જણાવે છે કે આ તે જ છે જે તેઓ ઓળખી બતાવે છે.

સાહેદની આરોપીઓના વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓ જણાવે છે કે તેઓએ બ્લડ સેમ્પલના નમૂનાઓ લઈને રજૂ કર્યા સિવાય આ કામે અન્ય કોઈ કામગીરી કરેલ નથી. ફરિયાદી તથા આરોપીના બ્લડ સેમ્પલ મેડિકલ ઓફિસર દ્વારા તેઓની હાજરીમાં લેવામાં આવેલ હોય અને સીલબંધ કરવામાં આવેલા હોય તેવું બનેલ નથી.

સાહેદની જુબાનીનું મુલ્યાંકન કરતા ફરિયાદપક્ષના કેસ મુજબ સાહેદ સુરેન્દ્રનગર સિટી પો.સ્ટે.માં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતાં ત્યારે તેઓએ ફરજની રુએ આ કામે ઈજા પામનાર ફરિયાદી રમજાનભાઈ રસુલભાઈ જેડા તથા આરોપી રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટીના લોહીના નમૂના ગાંધી હોસ્પિટલમાંથી મેળવી પો.સ્ટે.માં રજૂ કરેલાનું પુરવાર થાય છે.

**૩૩.** ફરિયાદપક્ષ તરફે આંક–૮૩ થી સાહેદ નં.૨૪ શકિતદાન રતુભાઈ ઈસરાણીને સોગંદ પર તપાસેલ છે.સાહેદ સોગંદ પર જણાવે છે કે તા.૧૨–૧૧–૨૦૧૪ નાં રોજ તેઓ સુરેન્દ્રનગર સિટી એ–ડિવિઝન પો.સ્ટે. ખાતે પીએસઆઈ તરીકે ફરજ પર હતાં તે વખતે પીએસઓ દ્વારા એમએલસી નં.૧૦/૧૪ નાં કામે વર્ધી મળતા તેઓ મહાત્મા ગાંધી હોસ્પિટલે ગયેલા અને ત્યાં જઈ ફરિયાદી રમજાનભાઈ રસુલભાઈ જેડા, જાતે મીયાણા, ઉ.વ.૨૩, રહે.સુધારા પ્લોટ, રતનપર, તા.વઢવાણવાળાની ફરિયાદ તેઓના લખાવ્યા પ્રમાણે લખી લીધેલ અને બાદમાં ફરિયાદ ફરિયાદીને વાંચી સંભળાવી ફરિયાદમાં ફરિયાદીની સહી લીધેલ અને રૂબરૂ તરીકે તેઓએ સહી કરેલ. બાદમાં તે ફરિયાદ એ–ડિવિઝન પો.સ્ટે. આવી રિપોર્ટ સાથે આરોપીઓ રહીમ મહંમદભાઈ ભટ્ટી તથા રફીક રહીમભાઈ ભટ્ટી તથા ઈમરાન રહીમભાઈ ભટ્ટી, રહે. બધા ખાટકીવાસ, સુરેન્દ્રનગરવાળાઓ વિરુદ્ધ ગુન્હો દાખલ કરવા પીએસઓ કે.આર. યાદવને આપેલ અને પીએસઓએ ફરિયાદ પરથી સુરેન્દ્રનગર સિટી એ–ડિવિઝન પો.સ્ટે.ફર્સ્ટ–ગુ.ર.નં.૧૮૩/૧૪, ઈ.પી.કો.કલમ ૩૦૭–૩૨૩–૫૦૪–૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબ ગુન્હો દાખલ કરી આગળની તપાસ તેઓને સોંપતા તેઓએ આ ગુન્હાની તપાસ સંભાળી લીધેલ. તેઓએ આ ગુન્હાના કામે ઉપલા અધીકારીશ્રીઓને ભારે ગુન્હાનો રિપોર્ટ કરેલ, એફએસએલ મોબાઈલ ઈન્વેસ્ટીગેશન

વાન, સુરેન્દ્રનગરને રિપોર્ટ કરી સ્થળ પરીક્ષણ તથા પ્રાથમિક નિરીક્ષણ કરાવી તપાસ કરાવેલ, ગુન્હાવાળી સ્થાનિક જગ્યાનું પંચનામુ પંચો રૂબરૂ કરાવેલ, ગુન્હાવાળી જગ્યાના પંચનામા દરમિયાન સ્થળ પરથી છરીનું એક મ્યાન મળી આવતા કબજે કરેલ, પંચોની હાજરીમાં પંચનામાની વિગતે ફરિયાદીનો લોહીવાળો શર્ટ કબજે કરેલ, લાગતા–વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ, આરોપીઓને આ ગુન્હાના કામે અટક કરેલ, આરોપી રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટીએ ગુન્હામાં વાપરેલ છરી જે જગ્યાએ સંતાડેલ તે જગ્યાએથી સ્વેચ્છાએ શોધી આપી રજૂ કરતા ડિસ્કવરી પંચનામાની વિગતે કબજે કરેલ અને એકઝી.મેજિસ્ટ્રેટશ્રી વઢવાણનાંઓને ઈજા પામનાર ફરિયાદીનું ડી.ડી. લેવા રિપોર્ટ કરેલ. સાહેદને આંક–૫૪ થી રજૂ થયેલ ફરિયાદ બતાવવામાં આવતા તે ઓળખી બતાવે છે. સાહેદને મુદામાલ છરી તથા તેનું કવર બતાવવામાં આવતા તે ઓળખી બતાવે છે. સાહેદે તેમની જુબાની દરમિયાન આંક–૮૪ થી ફરિયાદીનું એકઝી.મેજિસ્ટ્રેટશ્રીનાંએ લીધેલ મરણોન્મુખ નિવેદન તથા આંક–૮૫ થી ભારે ગુન્હાનો રિપોર્ટ રજૂ કરેલ છે.

સાહેદની આરોપીઓના વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓ જણાવે છે કે તેઓએ જેટલાં સાહેદોના નિવેદનો લીધેલા છે તે તમામ તા.૧૨–૧૧–૨૦૧૪ નાં રોજ એટલે કે બનાવના દિવસે જ લીધેલા છે. આ કામમાં ત્યારબાદ ફરિયાદી કે ઈજા પામનારના કોઈ જ જવાબ ફરીથી બોલાવીને લીધા હોય તેવું બનેલ નથી. આ કામમાં દર્શાવેલ મુદામાલ બઝારમાં સહેલાઈથી મળી શકે. આ કામના આરોપીઓ ઘાંચીવાડમાં શ્રવણ ટોકીઝના રસ્તા બાજુ રહે છે તથા આ કામના ફરિયાદી તથા સાહેદો રતનપર મુકામે રહે છે. તેઓએ સાહેદ માંગીલાલ કોલારામ ચૌધરી પાસેથી ફરિયાદી રમજાનભાઈને કેટલાં નંગ પુઠા આપેલા કે પૈસા આપેલા તે અંગેનું બિલ કે કોઈ આધાર કબજે કરેલ નથી. સાહેદે એ હકીકતોનો ઈન્કાર કરેલ છે કે આ કામમાં તેઓએ આરોપીઓની ખોટી રીતે સંડોવણી થાય તે રીતે ખોટી તપાસ કરેલ છે.

સાહેદની જુબાનીનું મુલ્યાંકન કરતા સાહેદ તા.૧૨–૧૧–૨૦૧૪ નાં રોજ સુરેન્દ્રનગર સિટી એ–ડિવિઝન પો.સ્ટે.માં પીએસઆઈ તરીકે ફરજ બજાવતા

હતાં ત્યારે ફરજની રુએ આ કામના ફરિયાદીની ફરિયાદ નોંધેલ અને ત્યારબાદ તેઓને આ ગુન્હાના કામે તપાસ મળતા તેઓએ આ ગુન્હાના કામે જે કાંઈ તપાસ કરેલ તે તપાસ તેઓએ ફરજની રુએ કાયદેસરની કરેલ હોવાનું પુરવાર થાય છે.

**૩૪.** ફરિયાદપક્ષ તરફે આંક–૮૯ થી સાહેદ નં.૨૫ કરમવીર રામકુંવર યાદવને સોગંદ પર તપાસેલ છે. સાહેદ સોગંદ પર જણાવે છે કે તા.૧૨–૧૧–૨૦૧૪ નાં રોજ તેઓ સિટી પો.સ્ટે. ખાતે પીએસઓનાં ચાર્જમાં હતાં દરમિયાન કલાક ૧૪–૩૫ વાગ્યે પીએસઆઈશ્રી એસ.આર.ઈસકરાણી સાહેબનાઓએ તેમના રૂબરૂની લીધેલ ફરિયાદ ગુન્હો દાખલ કરવા આપતા તેના આધારે ગુન્હો રજિસ્ટર કરી આગળની તપાસ પીએસઆઈશ્રી એસ.આર.ઈસરાણી સાહેબનાંઓને સોંપી આપેલ. સાહેદે તેમની જુબાની દરમિયાન આંક–૯૦ થી સુરેન્દ્રનગર સિટી એ–ડિવિઝન પો.સ્ટે. ડાયરી એન્ટ્રી નં.૧૬/૧૪ ની નકલ રજૂ કરેલ છે. સાહેદની આરોપીઓના વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓ જણાવે છે કે ફરિયાદીએ તેમના રૂબરૂ કોઈ ફરિયાદ લખાવેલ નથી અને બનાવની તેમને કોઈ જાત–માહિતી નથી.

સાહેદની જુબાનીનું મુલ્યાંકન કરતા સાહેદ તા.૧૨–૧૧–૨૦૧૪ નાં રોજ સુરેન્દ્રનગર સિટી એ–ડિવિઝન પો.સ્ટે.માં પીએસઓના ચાર્જમાં હતાં ત્યારે પીએસઆઈ એસ.આર.ઈસરાણીએ તેમના રૂબરૂની લીધેલ ફરિયાદ ગુન્હો દાખલ થવા મોકલતા તે ફરિયાદ આધારે સાહેદે તેમની ફરજની રુએ ગુન્હો દાખલ કરેલ જે કામગીરી તેઓએ કાયદેસરની કરેલ હોવાનું પુરવાર થાય છે.

**૩૫.** ફરિયાદપક્ષ તરફે આંક–૯૫ થી સાહેદ નં.૨૬ રાવજીભાઈ વાલજીભાઈ ડામોરને સોગંદ પર તપાસેલ છે. સાહેદ સોગંદ પર જણાવે છે કે ૨૦૧૪ ની સાલમાં તેઓ સુરેન્દ્રનગર સિટી એ–ડિવિઝન પો.સ્ટે.માં પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતાં ત્યારે સુરેન્દ્રનગર સિટી એ–ડિવિઝન પો.સ્ટે.ફર્સ્ટ–ગુ.ર.નં.૧૮૩/૧૪ ઈ.પી.કો.કલમ ૩૦૭–૩૨૩–૫૦૪–૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના ગુન્હાની તપાસ પીએસઆઈશ્રી ઈસરાણી કરતા હોય તેઓ પાસેથી આ ગુન્હાની તપાસ તેઓએ તા.૧૩–૧૧–૨૦૧૪ નાં રોજ સંભાળેલ. તેઓએ આ ગુન્હાના કામે

આરોપીઓ રહીમ મહંમદ તથા ઈમરાન રહીમભાઈનાંઓ પોલીસ કસ્ટડીમાં હોય તેઓને મુદત હરોળ કોર્ટ કસ્ટડીમાં મોકલી આપેલ. તા.૧૫–૧૧–૨૦૧૪ નાં રોજ આરોપી રફીકભાઈ મહંમદભાઈને અટક કરવામાં આવેલ તેમજ આ ગુન્હામાં વાપરેલ મુદામાલ જમા લેવામાં આવેલ અને આ ગુન્હાના કામે જમા લેવામાં આવેલ મુદામાલ જરૂરી પૃથ્થકરણ સારૂ એફએસએલમાં મોકલી આપવામાં આવેલ. ઈજા પામનાર ફરિયાદીનું સારવાર સર્ટિફિકેટ આવતા કામમાં સામેલ રાખેલ અને આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ કરવા પૂરતા પુરાવાઓ હોય તા.૨૪–૧૨–૨૦૧૪ નાં રોજ ચાર્જશીટ ભરી નામદાર કોર્ટ તરફ મોકલી આપેલ. સાહેદે તેમની જુબાની દરિયાન આંક–૯૬ થી મુદામાલ એફએસએલમાં તપાસણી અર્થે મોકલ્યાનો પત્ર, આંક–૯૭ થી મુદામાલ મળી ગયાની એફએસએલની પહોંચ, આંક–૯૮ થી એફએસએલ રિપોર્ટ, આંક–૯૯ થી સિરોલોજીકલ રિપોર્ટ , આંક–૧૦૦ થી ભૌતિક શાસ્ત્ર વિભાગનો રિપોર્ટ, આંક–૧૦૧ થી મોબાઈલ કોલ ડિટેઈલ મેળવવા લખેલ પત્ર તથા આંક–૧૦૨ થી સ્થાનિક જગ્યાનો નકશો રજૂ કરે કરેલ છે.

સાહેદની આરોપીઓના વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓ જણાવે છે કે આ કામમાં દર્શાવવામાં આવેલ મુદામાલ બઝારમાં સહેલાઈથી મળી શકે. સાહેદે એ હકીકતોનો ઈન્કાર કરેલ છે કે આ કામમાં એક પણ આરોપીએ કોઈ મુદામાલ સ્વખુશીથી કાઢી આપેલ નથી કે આરોપીઓએ કોઈ ગુન્હો કરેલ ન હોવાછતાં ખોટી રીતે અટક કરી ખોટો પુરાવો ઉભો કરી ખોટું ચાર્જશીટ કરેલ છે.

સાહેદની જુબાનીનું મુલ્યાંકન કરતા સાહેદ સુરેન્દ્રનગર સિટી એ–ડિવિઝન પો.સ્ટે.માં પીઆઈ તરીકે ફરજ બજાવતા હતાં ત્યારે તેઓને આ ગુન્હાના કામે તપાસ મળતા તેઓએ આ ગુન્હાના કામે જે કાંઈ તપાસ કરેલ તે તેઓએ ફરજની રુએ કાયદેસરની કરેલ હોવાનું પુરવાર થાય છે.

**૩૬.** ફરિયાદપક્ષે આરોપીઓ સામેનું તહોમત પુરવાર કરવા માટે ૨૬ સાહેદોનો મૌખિક પુરાવો તથા ૩૨ જેટલો દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે અને તે પુરાવાનું જીણવટભરી રીતે મુલ્યાંકન કરતા ફરિયાદપક્ષે આંક–૧૭ થી પંચ રુસ્તમભાઈ

ઉસ્માનભાઈ કોરડીયાને સોગંદ પર તપાસેલ છે. સદર સાહેદે તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં આંક–૧૮ થી રજૂ થયેલ બનાવવાળી જગ્યાના પંચનામાની હકીકતોને સમર્થન આપેલ છે જેથી ફરિયાદપક્ષ બનાવવાળી જગ્યાનું પંચનામુ પુરવાર કરવામાં સફળ થયેલ છે. ફરિયાદપક્ષે આંક–૨૨ થી સાહેદ નં.૨ મહેબુબભાઈ ઉમરભાઈ મોવરને તથા આંક–૨૫ થી સાહેદ નં.૩ જેરામભાઈ મોહનભાઈ વાઘેલાને તપાસેલ છે જેઓ ગાંધી હોસ્પિટલમાંથી ઈજા પામનાર ફરિયાદીનો લોહીવાળો શર્ટ મુદામાલ તરીકે કબજે કર્યાના આંક–૨૩ નાં પંચનામાના પંચ સાહેદો છે. પરંતુ સદર સાહેદો તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપતા નથી અને સંપૂર્ણપણે વિમુખ જાહેર થયેલ છે જેથી ફરિયાદપક્ષ આંક–૨૩ થી રજૂ થયેલ પંચનામુ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે. ફરિયાદપક્ષે આંક–૨૬ થી સાહેદ નં.૪ મનોહરભાઈ વિરજીભાઈને તથા આંક–૨૯ થી સાહેદ નં.૫ મહેબુબભાઈ ઉમરભાઈને સોગંદ પર તપાસેલ છે જેઓ આરોપી રહીમભાઈ મહમદભાઈએ બનાવ વખતે પહેરેલ શર્ટ પો.સ્ટે. રજૂ કરતા મુદામાલ તરીકે કબજે લીધાના આંક–૨૭ નાં પંચનામાના પંચ સાહેદો છે. સદર સાહેદો તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપતા નથી અને સંપૂર્ણપણે વિમુખ જાહેર થયેલ છે. જેથી ફરિયાદપક્ષ આંક–૨૭ થી રજૂ થયેલ પંચનામુ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે. ફરિયાદક્ષે આંક–૩૦ થી સાહેદ નં.૬ સલીમભાઈ અબ્દુલભાઈને તથા આંક–૩૩ થી સાહેદ નં.૭ હૈદરભાઈ મહમદભાઈને સોગંદ પર તપાસેલ છે જેઓ આરોપી રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટીએ બનાવમાં ઉપયોગમાં લીધેલ છરી જે જગ્યાએ સંતાડેલ તે જગ્યાએ પોલીસ તથા પંચોને લઈ જઈ શોધી આપી રજૂ કરતા તે છરી મુદામાલ તરીકે કબજે લીધાના આંક–૩૧ નાં પંચનામાના પંચ સાહેદો છે. સદર સાહેદો તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપતા નથી અને સંપૂર્ણપણે વિમુખ જાહેર થયેલ છે જેથી આંક–૩૧ થી રજૂ થયેલ ડિસ્કવરી પંચનામાને તેના પંચ સાહેદોનું સમર્થન મળેલ નહી હોવાનું માની શકાય. પરંતુ ફરિયાદપક્ષ તરફે આંક–૭૫ થી તપાસેલ સાહેદ નં.૨૧ રસુલભાઈ મહંમદભાઈ જામ કે જેઓના પાનના થડાના ટેલબના બોર્ડ નીચેથી આરોપી રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટીએ છરી કાઢી આપેલ જે છરી

પોલીસે પંચોની હાજરીમાં પંચનામાની વિગતે કબજે કરેલ તે મુદામાલ છરી ઓળખી બતાવી છે તેમજ ફરિયાદપક્ષના કેસને સંપૂર્ણપણે સમર્થન કરેલ છે જેથી આંક–૩૧ થી રજૂ થયેલ ડિસ્કવરી પંચનામુ પુરવાર થાય છે. ફરિયાદપક્ષે આંક–૩૪ થી સાહેદ નં.૮ રાજેશકુમાર બાબુલાલ શાહને તથા આંક–૩૭ થી સાહેદ નં.૯ અશોકકુમાર ત્રંબકલાલને સોગંદ પર તપાસેલ છે જેઓ આરોપી રફીકભાઈ રહીમભાઈ ભટ્ટીએ બનાવ વખતે પોતાની પાસે જે લાકડી હતી તે લાકડી જે જગ્યાએ સંતાડેલ તે જગ્યાએ પોલીસ તથા પંચોને લઈ જઈ શોધી આપી રજૂ કરતા લાકડી મુદામાલ તરીકે કબજે લીધાના આંક–૩૫ નાં પંચનામાના પંચ સાહેદો છે. સદર સાહેદો તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપતા નથી અને સંપૂર્ણપણે વિમુખ જાહેર થયેલ છે જેથી ફરિયાદપક્ષ આંક–૩૫ થી રજૂ થયેલ ડિસ્કવરી પંચનામુ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે.

**૩૭.** ફરિયાદપક્ષે આંક–૩૮ થી સાહેદ નં.૧૦ ડો.શંભુકુમાર બાબુલાલ રાયનો પુરાવો રજૂ કરેલ છે. તેઓનો પુરાવો જોતાં તેઓ તા.૧૨–૧૧–૨૦૧૪ નાં રોજ મહાત્મા ગાંધી હોસ્પિટલ સુરેન્દ્રનગર ખાતે મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતાં ત્યારે તેમની પાસે સવારના ૧૧–૧૫ વાગ્યે આ કામે ઈજા પામનાર રમજાનભાઈ રસુલભાઈ સારવાર લેવા માટે આવેલા અને તે વખતે ઈજા પામનાર રમજાનભાઈએ "રહીમ મોહમદ ભટ્ટી, રફીક મોહમદ ભટ્ટી, ઈમરાન રહીમ ભટ્ટીએ ગળાની ડાબી બાજુએ છરી મારેલ છે" તેવી હિસ્ટ્રી આપેલી અને સદર તબીબી સાહેદે ઈજા પામનારને તપાસતા ગરદનની ડાબી બાજુએ ૧૨ સેમી લંબાઈ અને ૧।। સેમી પહોળો અને ૧ સેમી ઉંડો ઘા જોયેલ તથા ગરદનની બહારની બાજુએ એક નસ કપાયેલ જોયેલ જેનું ઓપરેશન સદર તબીબી સાહેદે કરેલ અને ઈજા પામનાર રમજાનભાઈને ગળાના ભાગે નસ કપાઈ ગયેલ હોઈ જે અત્યંત ગંભીર પ્રકારની ઈજા છે અને તે ઈજાથી તેનું મૃત્યું નિપજી શકયુ હોત તેવી હકીકત પુરવાર થાય છે. સદર સાહેદનો પુરાવો જોતાં એવું પણ જણાઈ આવે છે કે ઈજા પામનાર રમજાનભાઈને થયેલ ઈજા મુદામાલ છરી જેવા હથિયારથી થઈ શકે તેવી હતી. જેથી, સદર તબીબી સાહેદની જુબાની પરથી ઈજા પામનાર ફરિયાદી રમજાનભાઈને છરી વડે ગરદનના ભાગે ઈજા થયેલાનું પુરવાર થાય

છે અને ઈજા પામનારે સદર તબીબી સાહેદ સમક્ષ હિસ્ટ્રીમાં ત્રણેય આરોપીઓના નામ આપેલા છે તે પૈકી કયા આરોપીએ ઈજા પામનારને છરી મારેલી તે અંગે અન્ય સાહેદોનો પુરાવો જોવો જરૂરી બને છે. સદર તબીબી સાહેદનો પુરાવો જોતાં ઈજા પામનાર રમજાનભાઈને અન્ય કોઈ ઈજા જોવા મળેલ નહી તેથી ઈજા પામનારને કોઈપણ આરોપીએ લાકડાના ધોકા વડે ઈજા થયેલાની હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી.

૩૮. ફરિયાદપક્ષે આંક–૪૪ થી સાહેદ નં.૧૧ નૈમેશ મનુભાઈ સોનીને સોગંદ પર તપાસેલ છે જેઓનો પુરાવો જોતાં તેઓએ તા.૧૩–૧૧–૨૦૧૪ નાં રોજ બનાવવાળી જગ્યાનું વૈજ્ઞાનિક પધ્ધતિથી પરીક્ષણ કરેલાનું અને તે અંગેનો આંક–૪૫ વાળો રિપોર્ટ તૈયાર કરેલાનું પુરવાર થાય છે.

૩૯. ફરિયાદપક્ષે આંક–૫૧ થી સાહેદ નં.૧૨ રસુલભાઈ ઈસાભાઈ જેડાને સોગંદ પર તપાસેલ છે સદર સાહેદ આ કામે ઈજા પામનાર ફરિયાદીના પિતા છે જેઓનો પુરાવો જોતાં બનાવના દિવસે સવારના સાડા દશ – અગિયાર વાગ્યાના અરસામાં સાહેદ તેમની દુકાને હતાં ત્યારે સાહેદના દીકરા રમજાનનો ફોન આવેલ કે રહીમ મહંમદે છરી મારેલ છે અને તેઓ શ્રવણ ટોકીઝ પાસે ઉભા છે જેથી સદર સાહેદ તથા તેમના પત્ની બનાવસ્થળે ગયેલા અને ત્યાં જઈને જોયું તો સાહેદના દીકરા રમજાનના ગળાના ભાગે લોહી નીકળતુ હતું જેથી સાહેદના પત્નીએ રમજાનનો શર્ટ કાઢી તેના ગળા ઉપર બાંધી બાદમાં રમજાનને ગાંધી દવાખાને સારવારમાં લઈ ગયેલ જયાં ડોકટરે રમજાનનું ઓપરેશન કરેલ બાદમાં સદર સાહેદે રમજાનને બનાવ અંગે પૂછતા રમજાને જણાવેલ કે આરોપી રહીમ અને તેના દીકરા રફીક તથા ઈમરાને તેઓને ગાળો આપેલ અને ત્યારબાદ રહીમના દીકરા રફીક અને ઈમરાને તેનો હાથ પકડી રાખેલ અને રહીમે તેની પાસેની છરી ગળા ઉપર મારેલી અને તે મુજબનો જ પુરાવો સદર સાહેદે તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં આપેલાનુ જણાઈ આવે છે. સદર સાહેદના પુરાવામાંથી પણ સાહેદના દીકરા રમજાનને કોઈ આરોપીએ લાકડી મારેલાની હકીકત બહાર આવતી નથી જેથી ફરિયાદપક્ષ સદર સાહેદના પુરાવાથી આરોપી રહીમભાઈ મહંમદભાઈએ સાહેદના દીકરા રમજાનને લાકડી મારેલ હોવાનું પુરવાર કરવામાં

નિષ્ફળ જાય છે. ફરિયાદપક્ષે આંક–પ૩ થી સાહેદ નં.૧૩ રમજાનભાઈ રસુલભાઈ જેડાને સોગંદ પર તપાસેલ છે. ફરિયાદપક્ષના કેસ મુજબ સાહેદ આ કામે ઈજા પામનાર ઈસમ છે અને સાહેદે બનાવ સંબંધેની આંક–પ૪ વાળી ફરિયાદ નોંધાવેલી. સદર સાહેદનો પુરાવો જોવામાં આવે તો બનાવના દિવસે તેઓ સવારના સાડા દશ વાગ્યે બનાવસ્થળ પાસેથી નીકળેલ ત્યારે આરોપી રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટી ધોકો લઈને ગાળો બોલતો બોલતો તેમની પાસે આવેલ અને તે વખતે ત્યાં હાજર રફીક રહીમભાઈ ભટ્ટી તથા ઈમરાન રહીમભાઈ ભટ્ટીએ સાહેદના હાથ પકડી રાખેલા અને તે વખતે રહીમભાઈ મહમદભાઈએ સાહેદના ડાબા પગમાં ગોઠણના નીચેના ભાગે લાકડાનો ધોકો મારેલ જેથી સાહેદ રાડો પાડવા લાગતા ત્યાં ઘણાં માણસો ભેગા થઈ જતા રહીમભાઈ મહમદભાઈ તથા તેના બન્ને દીકરા સાહેદને ઢસડીને શ્રવણ ટોકીઝ પાસે લઈ ગયેલા અને ત્યારબાદ રહીમભાઈ મહમદભાઈએ તેની કમ્મરમાંથી છરી કાઢી સાહેદને ગરદનની ડાબી બાજુએ કાનની નીચે ગળા વચ્ચે મારતા સાહેદને લોહી નીકળવા લાગતા આરોપીઓ ત્યાંથી ભાગી ગયેલા અને બાદમાં સાહેદે તેમના પિતાને મોબાઈલથી જાણ કરતા સાહેદના પિતા બનાવસ્થળે આવી ગયેલા અને સાહેદને ગાંધી હોસ્પિટલમાં સારવારમાં લઈ ગયેલા. સાહેદે તેમની જુબાની દરમિયાન તેઓએ બનાવ વખતે પહેરેલ શર્ટ તથા મુદામાલ ધોકો તથા મુદામાલ છરી ઓળખી બતાવેલ છે. હવે સાહેદના પુરાવા સાથે સાહેદે આપેલ આંક–પ૪ ની ફરિયાદ જોવામાં આવે તો તેમાં સાહેદે બનાવસ્થળે ઘણાં માણસો ભેગા થઈ જતી રહીમભાઈ મહમદભાઈ અને તેના બન્ને દીકરા  સાહેદને ઢસડીને શ્રવણ ટોકીઝ પાસે લઈ ગયેલા અને ત્યારબાદ રહીમે તેની કમ્મરમાંથી છરી કાઢી સાહેદને ગરદનની ડાબી બાજુએ કાનની નીચે ગળા વચ્ચે મારેલાની હકીકત જણાવેલ નથી. આ સાથે આંક–૩૮ થી રજૂ થયેલ સાહેદ નં.૧૦ ડો.શંભુકુમાર બાબુલાલ રાયનો પુરાવો જોતાં ઈજા પામનાર રમજાનને ગળાના ભાગે છરી જેવા હથિયારથી ઈજા થઈ શકે તેવી ઈજા જોવા મળેલાનું પુરવાર થાય છે પરંતુ સદર તબીબી સાહેદનો પુરાવો જોતાં ઈજા પામનારના શરીરે અન્ય કોઈ પ્રકારની ઈજા હોવાનું પુરવાર થતું નથી જેથી આરોપી રહીમભાઈ મહમદભાઈ ભટ્ટીએ ઈજા પામનાર ફરિયાદીને ડાબા પગના ગોઠણના નીચેના ભાગે લાકડાનો ધોકો મારેલાનું શંકાસ્પદ

બની જાય છે. આંક–૫૪ થી રજૂ થયેલ ફરિયાદ હકીકત જોતાં તેમાં ફરિયાદીએ ત્રણેય આરોપીઓ ફરિયાદીને ઢસડીને શ્રવણ ટોકીઝ પાસે લઈ ગયેલ તેવું જણાવેલ નથી જેથી આરોપી રહીમભાઈ મહમદભાઈ ભટ્ટીએ ફરિયાદીને છરી વડે ઈજા કરેલ ત્યારે આરોપી રફીકભાઈ રહીમભાઈ ભટ્ટી તથા આરોપી ઈમરાનભાઈ રહીમભાઈ ભટ્ટીએ ફરિયાદીના બન્ને હાથ પકડી રાખેલ હોવાનું શંકાસ્પદ બની જાય છે તેથી આરોપી રફીકભાઈ રહીમભાઈ ભટ્ટીએ તથા આરોપી ઈમરાનભાઈ રહીમભાઈ ભટ્ટીએ હાલના ગુન્હાના કામે કોઈ ભાગ ભજવેલ હોય તેવું શંકાથી પર રીતે પુરવાર થતું નથી.

**૪૦.** ફરિયાદપક્ષે આ કામે બનાવસ્થળની આજુબાજુ દુકાન ધરાવતા સાહેદો પૈકી સાહેદ નં.૧૪ સતારભાઈ મહંમદભાઈ સોલંકીને આંક–૬૫ થી, સાહેદ નં.૧૫ નવીનભાઈ પરસોતમદાસ દંગીને આંક–૬૬ થી, સાહેદ નં.૧૬ મુબારકભાઈ હસનઅલી ચામડીયાને આંક–૬૮ થી, સાહેદ નં.૧૭ ઉજાશભાઈ ભોગીલાલ દોશીને આંક–૬૯ થી સાહેદ નં.૧૯ કમલેશભાઈ લલીતચંદ્ર દોશીને આંક–૭૨ થી તથા સાહેદ નં.૨૦ રાજુભાઈ સોમાભાઈ સોલંકીને આંક–૭૩ થી તપાસેલ છે પરંતુ આ તમામ સાહેદોએ તેમની કોર્ટ સમક્ષની જુબાનીમાં ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને સંપૂર્ણપણે વિમુખ જાહેર થયેલ છે.

**૪૧.** ફરિયાદપક્ષે આંક–૭૦ થી સાહેદ નં.૧૯ માંગીલાલ કોલારામ ચૌધરીને તપાસેલ છે જેઓનો પુરાવો જોતાં તેઓને બનાવસ્થળથી નજીક "લક્ષ્મી નોવેલ્ટી સ્ટોર" નામની દુકાન આવેલ છે જયાં બનાવ તારીખે સવારના ફરિયાદી ઓટો રિક્ષા લઈને પસ્તી લેવા આવેલ હોવાનું પુરવાર થાય છે અને તેથી બનાવ તારીખે સવારના ભાગે ફરિયાદી બનાવસ્થળે આવેલાની હકીકતને સમર્થન મળી રહે છે.

**૪૨.** ફરિયાદપક્ષે આંક–૭૫ થી સાહેદ નં.૨૧ રસુલભાઈ મહંમદભાઈ જામને તપાસેલ છે. જેઓનો પુરાવો જોતાં તેમને સુરેન્દ્રનગરમાં ટાવર પાસે "ઈમરાન પાન કોર્નર" નામની પાનની દુકાન આવેલ હોવાનું અને બનાવ બાદ પોલીસ રહીમભાઈ મહંમદભાઈને લઈને સવારના દશ સાડા દશ વાગ્યે તેમની દુકાને આવેલ હોવાનું અને પોલીસની હાજરીમાં રહીમભાઈ મહંમદભાઈએ તેમના પાનના થડાના ટેબલના બોર્ડ નીચેથી એક છરી કાઢી આપેલાનું પુરવાર થાય છે. આ સાથે આંક–૩૧ થી રજૂ થયેલ

ડિસ્કવરી પંચનામુ જોવામાં આવે તો પંચનામાના પંચ સાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી પરંતુ સદર પંચનામુ જોતાં તેમાં આરોપી રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટીએ તા.૧૩–૧૧–૨૦૧૪ નાં રોજ  પંચો તથા પોલીસની હાજરીમાં સુરેન્દ્રનગર મુકામે આવેલ "ઈમરાન પાન કોર્ટર" નામની દુકાનના પાનના થડાના ટેબલના બોર્ડ નીચેથી એક  છરી કાઢી આપેલાનું જણાવેલ છે તેમજ ફરિયાદપક્ષે આ ગુન્હાની તપાસ કરનાર અમલદાર શકિતદાન રતુભાઈ ઈસરાણીને સાહેદ નં.૨૪ તરીકે આંક–૮૩ થી તપાસેલ છે તેઓનો પુરાવો જોતાં પણ તેઓએ આંક–૩૧ થી રજૂ થયેલ ડિસ્કવરી પંચનામાની હકીકતોને સમર્થન આપેલ છે જેથી આરોપી નં.૧ રહીમભાઈ મહમદભાઈ ભટ્ટીએ આંક–૩૧ થી રજૂ થયેલ ડિસ્કવરી પંચનામાની હકીકતે મુદામાલ છરી શોધી આપી રજૂ કરેલાનું પુરવાર થાય છે અને તે રીતે આરોપી નં.૧ રહીમભાઈ મહમદભાઈ ભટ્ટીની હાલના ગુન્હાના કામે સંડોવણી હોવાનું પુરવાર થાય છે.

**૪૩.** ફરિયાદપક્ષે આંક–૯૫ થી સાહેદ નં.૨૬ રાવજીભાઈ વાલજીભાઈને તપાસેલ છે જેઓ આ ગુન્હાના કામે તપાસ કરનાર અમલદાર છે. સદર સાહેદે આ કામે રજૂ થયેલ મુદામાલ એફએસએલમાં તપાસણી અર્થે મોકલેલ હોવાનું પુરવાર થાય છે. ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ પુરાવામાથી એ હકીકત પુરવાર થાય છે કે તપાસ દરમિયાન ફરિયાદી રમજાનભાઈ રસુલભાઈ જેડા તથા આરોપી રહમીભાઈ મહંમદભાઈ ભટ્ટીના બ્લડ સેમ્પલ સીલબંધ હાલતમા મેળવી આંક–૮૦ થી તપાસેલ સાહેદ જયેશકુમાર મગનલાલ વાઢેરનાંએ તપાસ કરનાર અમલદારને સોંપેલ જે મુદામાલ આર્ટિકલ નં.૮ અને ૯ થી રજૂ છે અને સાહેદ તે ઓળખી બતાવે છે અને આ લોહીના સીલબંધ નમૂના "જી" અને "એચ" થી એફએસએલ રાજકોટને તપાસણી અર્થે મોકલી આપેલ. ફરિયાદપક્ષ તરફે આંક–૯૯ થી રજૂ થયેલ સિરોલોજી વિભાગના પરિણામ મુજબ નમૂના નંબર  "જી" કે જે ફરિયાદી રમજાનભાઈ રસુલભાઈનાં લોહીનો નમૂનો હતો તે માનવ મૂળનું રુધિરનું જૂથ "એબી" નું છે. જયારે નમૂના નંબર "એચ" કે જે આરોપી રહીમભાઈ મહંમદભાઈનું માનવ મૂળનું રુધિરનું જૂથ "એ" નું છે. આ કામે આંક–૯૮ તથા આંક–૯૯ થી રજૂ થયેલ એફએસએલ રિપોર્ટ તથા સિરોલોજીકલ રિપોર્ટ જોતાં એવું પુરવાર થાય છે કે બનાવવાળી જગ્યાએથી પોલીસે કબજે કરેલ

લોહીવાળી માટી, ઈજા પામનાર ફરિયાદી રમજાનભાઈ રસુલભાઈએ બનાવ વખતે પહેરેલ શર્ટ, આરોપી રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટીએ બનાવ વખતે પહેરલ શર્ટ તથા મુદામાલ છરી ઉપર ઈજા પામનાર ફરિયાદી રમજાનભાઈ રસુલભાઈના લોહીના ગૃપ ''એબી''ની હાજરી જોવા મળેલ છે અને મુદામાલ આર્ટિકલ નં.પ પીળા કલરનો આખી બાંયનો શર્ટ કે જે આરોપી રહીમભાઈ મહમંદભાઈએ બનાવ વખતે પહેરેલ અને નમૂના ''ઈ'' થી એફએસએલ રાજકોટમાં તપાસણી અર્થે મોકલી આપેલ તેની ઉપર લોહીના ડાઘા હતાં જે લોહી માનવ મૂળનું રુધિર જૂથ ''એબી'' નું એટલે કે ફરિયાદી રમજાનભાઈ રસુલભાઈનું હતું તે પુરવાર થાય છે. આરોપીઓ તરફે આરોપી રહીમભાઈન મહંમદભાઈના શર્ટ પર ફરિયાદીનું લોહી કયાં સંજોગોમાં આવેલ છે તે અંગે કોઈ જ ખુલાસો કરેલ નથી અને આરોપી રહીમભાઈ મહંમદભાઈએ સાહેદ રસુલભાઈ મહંમદભાઈ જામના પાનના થડા નીચેથી જે છરી કાઢી આપેલ તે છરી ઉપર પણ ફરિયાદી રમજાનભાઈ રસુલભાઈનું માનવ મૂળ રુધિર જૂથ ''એબી'' નું મળી આવેલ છે. જેથી, ફરિયાદપક્ષ એફએસએલ રિપોર્ટ તથા સિરોલોજીકલ રિપોર્ટ આધારે બનાવસ્થળે આરોપી નં.૧ રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટીએ ઈજા પામનાર ફરિયાદી રમજાનભાઈ રસુલભાઈન જેડાને મુદામાલ છરી વડે ઈજા પહોંચાડેલાની હકીકત નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ થયેલ છે.

**૪૪.** આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૭ મુજબના ગુન્હાનું તહોમત છે અને ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૭ મુજબનો ગુન્હો પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે એવું પુરવાર કરવું પડે કે આરોપી કોઈ કૃત્ય કરે જે કૃત્ય ઈરાદાપૂર્વક અથવા ગુન્હાહિત જ્ઞાન સાથે કરે અને એવા કૃત્યનાં કારણે ઈજા પામનારને ઈજા થાય અને જો ઈજા પામનારનું મૃત્યું નિપજયું હોત તો આરોપી ખૂન માટે દોષીત થાત.

**૪૫.** સદર કામે ફરિયાદપક્ષના સમગ્ર પુરાવામાં એ હકીકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી નિઃશંકપણે પુરવાર થયેલ છે કે બનાવ તા.૧૨–૧૧–૨૦૧૪ નાં રોજ સવારના ઈજા પામનાર ફરિયાદી તેમની રિક્ષા લઈ સુરેન્દ્રનગર ટાવર રોડ ઉપર આવેલ ખીજડીયા હનુમાન પાસે શાક માર્કેટમાં આવેલ ''લક્ષ્મી કટલેરી''વાળાને ત્યાં

જૂના પુઠા લેવા માટે પહોંચેલ અને તે વખતે સાહેદ માંગીલાલ કોલારામ ચૌધરી પાસેથી ૬૦ થી ૬૫ કિલો પુઠા લઈ તેને રૂા.૭૩૦/– આપેલ અને ત્યારબાદ આરોપી નં.૧ રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટીનાંએ ફરિયાદી ઉપર હુમલો કરી તેની કમ્મરમાંથી છરી કાઢી ફરિયાદીની ગરદનની ડાબી બાજુ કાનની નીચેના ભાગે ગળા વચ્ચે મારેલ અને તે ઈજાથી ફરિયાદીની જીગ્યુલર નસ કપાઈ ગયેલ જે નસ ઓપરેશન કરી રિપેર કરેલ અને જો ફરિયાદીને તે ઈજામાં સમયસર સારવાર ન મળેલ હોત તો તે અત્યંત ગંભીર પ્રકારની ઈજા હોય ફરિયાદીનું મૃત્યું નિપજયું હોત. સદર કામે આરોપી રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટીનાંઓએ ફરિયાદીના શરીરના અન્ય કોઈપણ ભાગ ઉપર ઈજા પહોંચાડેલ નથી અને તેની પાસેની મુદામાલ આર્ટિકલ નં.૭ વાળી છરી વડે ફરિયાદીને માત્ર શરીરના મર્મ એવા ગળાના ભાગે ખૂબ જ જોરથી ઈજા પહોંચાડેલ છે જે ઈજાથી ફરિયાદીના ગળાના ભાગે આવેલ જીગ્યુલર નસ કપાઈ ગયેલ જેથી આ કૃત્યથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે આરોપી રહીમભાઈ મહંદમભાઈ ભટ્ટીનો માત્ર ને માત્ર ઈરાદો ફરિયાદી રમજાનભાઈ રસુલભાઈ જેડાનું મૃત્યું નિપજાવવાનો હતો અને જો તેનો ઈરાદો ફરિયાદી રમજાનભાઈ રસુલભાઈ જેડાનું મૃત્યું નિપજાવવાનો ન હોત તો તેણે ફરિયાદીના શરીરના અન્ય કોઈપણ ભાગ જેવા કે હાથ કે પગ ઉપર ઈજા પહોંચાડેલ હોત. જેથી ઈજાની જગ્યા અને જે બળથી ફરિયાદીને ઈજા પહોંચાડવામાં આવેલ છે તેનાથી સ્પષ્ટપણે આરોપી રહીમભાઈ મહમંદભાઈ ભટ્ટીનો ઈરાદો ફરિયાદીનું મૃત્યું નિપજાવવાનો હતો તેવું ફલિત થાય છે.

**૪૬.** સદર કામે આંક–૫૪ ની ફરિયાદ ધ્યાને લેતા ફરિયાદીએ ફરિયાદમાં જણાવેલ છે કે ફરિયાદી અને આરોપીઓ વચ્ચે અગાઉ આરોપી નં.૧ રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટીની દીકરી રેશ્માએ ગળે ફાંસો ખાઈ આપઘાત કરેલ અને તે વખતે આરોપી નં.૧ રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટીનાંઓએ ફરિયાદી રમજાનભાઈ રસુલભાઈ જેડા તથા તેના બાપુજી તથા તેની બહેન રેશ્મા તથા માળીયાના રહીશ યુસુફ અકબરભાઈ વિરુધ્ધ કેસ કરેલ હતો અને તે કેસમાં નામદાર કોર્ટે તેઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકેલ જેથી તેનો ખાર રાખી આરોપી નં.૧ રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટી અવાર–નવર તેની સાથે તથા તેના બાપુજી સાથે કોઈપણ કારણસર ખોટી રીતે ઝઘડો કરતા

હતાં અને તે અંગે પોલીસમાં ફરિયાદ કરતા હતાં તેનો ખાર રાખી બનાવ તારીખ ૧૨–૧૧–૨૦૧૪ નાં રોજ ફરિયાદી ઉપર હુમલો કરેલ છે. ફરિયાદીને ફરિયાદપક્ષ તરફે આંક–૫૩ થી સાહેદ નં.૧૩ તરીકે સોગંદ પર તપાસેલ છે અને ફરિયાદીએ સોગંદ પરની જુબાનીમાં સરતપાસમાં આંક–૫૪ થી રજૂ થયેલી ફરિયાદની મહદઅંશની હકીકતોને શબ્દસહ સમર્થન કરેલ છે. પરંતુ સરતપાસ દરમિયાન બનાવ કયાં કારણસર બનેલ અને ફરિયાદી અને આરોપીઓ વચ્ચે કંઈ બાબતે તકરાર હતી તે અંગે કોઈ જ હકીકત જણાવેલ નથી. પરંતુ ફરિયાદીની ઉલટતપાસ દરમિયાન તે હકીકત રેકર્ડ પર આવેલ છે કે આરોપી નં.૧ રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટીની દીકરીને મારી નાંખવા બદલનો કેસ ફરિયાદી અને તેના ઘરના સભ્યો સામે કેસ ચાલેલો અને તેમની વચ્ચે સામસામી ફરિયાદ થયેલ છે તેમજ ફરિયાદી વિરુઘ્ધ આરોપીઓને માર મારવા બદલની ફરિયાદ બદલનો કેસ પણ પેન્ડીગ છે. આમં, રેકર્ડ પરનો સમગ્ર પુરાવો વંચાણે લેતાં ફરિયાદી અને આરોપીઓ વચ્ચે અગાઉથી મનદુ:ખ ચાલતુ હતું અને આરોપી નં.૧ રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટીની દીકરીએ ગળે ફાંસો ખાઈ આપઘાત કરેલ જે બાબતનો કેસ ફરિયાદી રમજાનભાઈ રસુલભાઈ જેડા તથા તેના ઘરના સભ્યો વિરુઘ્ધ ચાલેલ અને તે બાબતે પક્ષકારો વચ્ચે તકરાર હતી તે હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. જેથી, બનાવ તા.૧૨–૧૧–૨૦૧૪ નાં રોજ આરોપી નં.૧ રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટીનાંઓએ ફરિયાદી રમજાનભાઈ રસુલભાઈ જેડાને તેમના વિસ્તારમાં જોયેલ અને તેની ઉપર છરી વડે હુમલો કરેલ તે હકીકતને સંપૂર્ણ સમર્થન મળે છે અને આરોપી નં.૧ રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટીનાંઓએ ફરિયાદી રમજાનભાઈ રસુલભાઈ જેડા વિરુઘ્ધ ખાર રાખી અગાઉ થયેલ કેસો અને તકરારોના કારણે ઈજા પહોંચાડેલ છે તેવું પુરવાર થયેલ છે.

**૪૭.** ફરિયાદપક્ષનો સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ઘ્યાને લેતા આંક–૫૩ થી તપાસેલ સાહેદ નં.૧૩ ફરિયાદી રમજાનભાઈ રસુલભાઈ જેડાનાંઓએ સ્પષ્ટપણે આંક–૫૪ થી રજૂ થયેલ ફરિયાદીની હકીકતોને સમર્થન કરેલ છે અને ઉલટતપાસ દરમિયાન આરોપીઓને મદદરુપ થાય તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. ઉલટતપાસ દરમિયાન ફરિયાદી અને આરોપીઓ વચ્ચે અગાઉ કેસો

ચાલેલ તે બાબતનું મનદુઃખ હતું તે હકીકત રેકર્ડ પર આવેલ છે અને બનાવમાં ફરિયાદી રમજાનભાઈ રસુલભાઈ જેડાને શરીરના મર્મ એવા ગળાના ભાગે છરીથી ગંભીર પ્રકારની ઈજા થયેલ તે હકીકતને આંક–૩૮ થી તપાસેલ સાહેદ નં.૧૦ ડો.શંભુકુમાર બાબુલાલ રાયની જુબાની તથા આંક–૩૯ થી રજૂ થયેલ મેડિકલ સર્ટિફિકેટ તેમજ આંક–૪૩ થી રજૂ થયેલ મેડિકલ કેસ પેપર્સથી સંપૂર્ણપણે સમર્થન મળે છે અને બનાવ વખતે ઈજા પામનાર ફરિયાદી રમજાનભાઈ રસુલભાઈ જેડાને ગંભીર પ્રકારની ઈજા થયેલી અને તેને તા.૧૨–૧૧–૨૦૧૪ થી તા.૨૩–૧૧–૨૦૧૪ સુધી અંદરના દર્દી તરીકે દવાખાનામાં રાખી ગળાના ભાગે કપાઈ ગયેલ જીગ્યુલર નસ ઓપરેશન કરી રિપેર કરેલ તે પુરવાર થયેલ છે. સદર કામે આંક–૩૯ થી રજૂ થયેલ મેડિકલ સર્ટિફિકેટ ધ્યાને લેતાં ફરિયાદી રમજાનભાઈ રસુલભાઈ જેડાને એકમાત્ર ગળાના ભાગે એક જ ઈજા થયેલી જે ઈજાથી ગળાના ભાગે આવેલ જીગ્યુલર નસ કપાઈ ગયેલ અને ગળાના ભાગેથી પુષ્કળ લોહી નીકળતુ હતું જે ઈજા બાબતે સમયસર ફરિયાદીને જો સારવાર મળેલ ન હોત તો તેનું મૃત્યું નિપજી શકત. ફરિયાદપક્ષના પુરાવામાં બનાવ તારીખ ૧૨–૧૧–૨૦૧૪ નાં રોજ ફરિયાદી ખીજડીયા હનુમાન પાસે આવેલ શાક માર્કેટમાં "લક્ષ્મી કટલેરી"વાળાને ત્યાં જૂના પુઠા લેવા માટે ગયેલ તે હકીકત આંક–૭૦ થી તપાસેલ સાહેદ નં.૧૮ માંગીલાલ કોલારામ ચૌધરીની સોગંદ પરની જુબાનીથી પુરવાર થાય છે અને સદર સાહેદ સોગંદ પર જણાવે છે કે તેમની દુકાને ફરિયાદી રમજાનભાઈ રસુલભાઈ ઓટો રિક્ષા લઈને આવેલા અને તોલમાપ કરીને ૬૦ થી ૬૫ કિલો પુઠા લઈને રૂા.૭૩૦/– રોકડા આપેલા. ફરિયાદપક્ષના કેસ મુજબ સદર સાહેદ બનાવના નજરે જોનાર સાહેદ છે પરંતુ તેટલાં પૂરતું તેઓ સમર્થન કરતા ન હોય તેઓની સોગંદ પરની જુબાની બાબતે તેટલા પૂરતો આધાર રાખી શકાય નહીં પરંતુ સદર સાહેદની ઉલટતપાસ દરમિયાન સાહેદ એ હકીકત જણાવે છે કે તેમણે સવારે સાડા આઠ વાગ્યે દુકાન ખોલી રમજાનભાઈને પુઠા આપેલા જેથી બનાવના દિવસે સવારના ફરિયાદી રમજાનભાઈ રસુલભાઈ જેડા બનાવવાળી જગ્યાએ હાજર હતાં તે બાબતનો આરોપીપક્ષ તરફે સ્વીકાર થયેલ છે અને સદર સ્વતંત્ર અને તટસ્થ સાહેદની જુબાનીથી ફરિયાદપક્ષે બનાવવાળા સ્થળે ફરિયાદીની બનાવ તા.૧૨–૧૧–૨૦૧૪ નાં રોજ

સવારના હાજરી નિઃશંકપણે પુરવાર કરેલ છે. ફરિયાદપક્ષે આંક–૧૮ થી રજૂ થયેલ બનાવવાળી જગ્યા પણ પુરવાર કરેલ છે અને તે જગ્યાએથી પોલીસે લોહીના ધાબાવાળી માટી, કંટ્રોલ માટી તથા મ્યાન કબજે કરેલ અને તે બનાવવાળા સ્થળેથી કબજે કરેલ લોહીવાળી માટીમાં આંક–૯૯ થી રજૂ થયેલ સિરોલોજી પૃથ્થકરણના રિપોર્ટ મુજબ માનવ લોહીનું જૂથ "એબી" જે ફરિયાદી રમજાનભાઈ રસુલભાઈ જેડાના લોહી જૂથનું હતું તે મળી આવેલ છે જેથી બનાવવાળી જગ્યા પણ નિઃશંકપણે પુરવાર થયેલ છે. સદર કામે ફરિયાદપક્ષે આંક–૫૧ થી સાહેદ નં.૧૨ રસુલભાઈ ઈસાભાઈ જેડાને સોગંદ પર તપાસેલ છે અને ફરિયાદપક્ષના કેસ મુજબ બનાવ વખતે સદર સાહેદ તેમની દુકાને હતાં અને તેમનો દીકરો રમજાન રિક્ષા લઈને પસ્તી ઉઘરાવવા ગયેલ અને તેમના દીકરા રમજાનનો ફોન આવેલ કે "રહીમ મહંમદે છરી મારેલ છે" તેથી તેઓ અને તેમના પત્ની બનાવસ્થળે પહોંચેલ અને ત્યાં જઈને જોયેલ તો તેમના દીકરા રમજાનને ગળાના ભાગે લોહી નીકળતુ હતું જેથી રમજાનનો શર્ટ કાઢી ગળા ઉપર બાંધેલ અને બાદામાં તેઓ બન્ને તેમના દીકરાને ગાંધી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલ. સદર સાહેદની આરોપીઓના વિધ્વાન વકીલશ્રીએ ઉલટતપાસ કરેલ છે જેમાં સ્વીકાર કરેલ છે કે બનાવ વખતે તેઓ હાજર ન હતાં. પરંતુ ફરિયાદપક્ષના કેસ મુજબ બનાવની તૂરત બાદ સદર સાહેદ બનાવસ્થળ ઉપર ગયેલ છે અને ત્યાં પહોંચી ફરિયાદી રમજાનભાઈ રસુલભાઈએ જે શર્ટ પહેરેલ તે શર્ટ કાઢી રમજાનભાઈના ગળાના ભાગે બાંધી દીધેલ છે અને તે શર્ટ પર આંક–૯૯ થી રજૂ થયેલ સિરોલોજી પૃથ્થકરણના પરિણામ મુજબ માનવ મૂળનું રુધિર જૂથ "એબી" મળી આવેલ જે ફરિયાદી રમજાનભાઈ રસુલભાઈ જેડાનું લોહીનું જૂથ "એબી" હતું. વધુમાં ફરિયાદપક્ષ તરફે બનાવમાં વાપરવામાં આવેલ મુદામાલ આર્ટિકલ નં.૭ વાળી છરી તપાસ કરનાર અમલદારે આંક–૩૧ થી રજૂ થયેલ ડિસ્કવરી પંચનામાની રુએ કબજે લીધેલ છે. આંક–૭૫ થી તપાસેલ સાહેદ નં.૨૧ રસુલભાઈ મહંમદભાઈ જામના પાનના થડાના ટેબલના બોર્ડ નીચેથી પંચોની હાજરીમાં આરોપી રહીમભાઈ મહમંદભાઈ ભટ્ટીએ કાઢી આપેલ અને તે છરી પર આંક–૯૯ થી રજૂ થયેલ સિરોલોજી પૃથ્થકરણના પરિણામ મુજબ માનવ મૂળનું રુધિર જૂથ "એબી" મળી આવેલ જે રુધિરનું જૂથ ફરિયાદી

રમજાનભાઈ રસુલભાઈ જેડાના રુધિરના જૂથનું હતું. ફરિયાદપક્ષ તરફે આંક–૩૧ થી રજૂ થયેલ ડિસ્કવરી પંચનામાના પંચ સાહેદો વિમુખ થયેલ છે. પરંતુ આંક–૭૫ થી તપાસેલ સાહેદ નં.૨૧ રસુલભાઈ મહંમદભાઈ જામ સ્પષ્ટપણે જણાવે છે કે પોલીસની હાજરીમાં આરોપી રહીમભાઈ મહંમદભાઈએ તેમના પાનના થડાના ટેબલના બોર્ડ નીચેથી મુદામાલ આર્ટિકલ નં.૭ વાળી છરી કાઢી આપેલ છે જેથી આ જ છરીથી ફરિયાદી રમજાનભાઈ જેડાને આરોપી નં.૧ રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટીનાંઓએ ગળાના ભાગે ગંભીર પ્રકારની ઈજા પહોંચાડેલ તે નિઃશંકપણે પુરવાર થયેલ છે અને ફરિયાદપક્ષના સમગ્ર પુરાવાની કડીઓ એક કડી બીજી કડીને સાંકળે તેવો સળંગ પુરાવો રજૂ થયેલ છે.

**૪૮.** ફરિયાદપક્ષે રજૂ કરેલ ઉપરોકત પુરાવાથી આરોપી નં.૧ રહીમભાઈ મહમદભાઈ ભટ્ટીનાંઓએ ફરિયાદી રમજાનભાઈ રસુલભાઈ જેડાને તારીખ ૧૨–૧૧–૨૦૧૪ નાં કલાક ૧૦–૩૦ નાં સુમારે સુરેન્દ્રનગર શાક માર્કેટ પાસે ખીજડીયા હનુમાન સામે જેમ ફાવે તેમ ગાળો બોલેલ હોય તેવો ફરિયાદપક્ષ તરફે લેશમાત્ર પુરાવો રજૂ થયેલ નહીં હોય મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપુ છું. ફરિયાદપક્ષ રજૂ કરેલ ઉપરોકત પુરાવાથી બનાવ તારીખે, સમયે અને સ્થળે આરોપી નં.૨ રફીકભાઈ રહીમભાઈ ભટ્ટી તથા આરોપી નં.૩ ઈમરાનભાઈ રહીમભાઈ ભટ્ટીએ ફરિયાદી રમજાનભાઈ રસુલભાઈ જેડાને પકડી રાખેલ હોય અને તે વખતે આરોપી નં.૧ રહીમભાઈ મહમદભાઈ ભટ્ટીનાંએ લાકડાના ધોકા વડે ફરિયાદીને ડાબા પગના ગોઠણની નીચે ઘા મારી સાદી ઈજા પહોંચાડેલ હોય તેવું નિઃશંકપણે પુરવાર થતું નથી જેથી ત્રણેય આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ ૩૨૩ સાથે વાંચતાં કલમ ૧૧૪ મુજબનો ગુન્હો નિઃશંકપણે પુરવાર થતો નહીં હોય મુદ્દા નં.૨ નો જવાબ નકારમાં આપુ છું. ફરિયાદપક્ષે રજૂ કરેલ ઉપરોકત પુરાવો જોતાં આરોપી નં.૧ રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટીએ બનાવ તારીખે, સમયે અને સ્થળે છરી વડે ફરિયાદીને શરીરના મર્મ ભાગ એવા ગળાના ભાગે ગંભીર પ્રકારની ઈજા પહોંચાડેલાની હકીકત નિઃશંકપણે પુરવાર થાય છે જેથી મુદ્દા નં.૩ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૪</u> :–**

**૪૯.** ફરિયાદપક્ષ તરફે આંક–૭૮ થી સાહેદ નં.૨૨ પ્રિતિબેન ભરતભાઈ ધોળકીયાને સોગંદ પર તપાસેલ છે. સદર સાહેદ સોગંદ પર જણાવે છે કે તેઓ કલેકટર કચેરી, સુરેન્દ્રનગર એમએજી શાખામાં ફરજ બજાવે છે, જિલ્લા મેજિસ્ટ્રેટ કચેરી, સુરેન્દ્રનગરનાં તા.૧૮–૭–૨૦૧૪ નાં પત્રક્રમાંકઃમજસ–૩/હથિયારબંધી જા.નામુ/ ૨૦૧૪/વશી–૧૦૬૦૧ થી ૧૦૭૦૦ થી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી વી.કે.મહેતા સાહેબ ધ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવેલ જે જાહેરનામુ તા.૧૯–૭–૨૦૧૪ થી તા.૨–૮–૨૦૧૪ સુધી બન્ને તારીખો સહિત અમલમાં હતું. સદર સાહેદે તેમની જુબાની દરમિયાન આંક–૭૯ થી જાહેરનામાની નકલ રજૂ કરેલ છે.

સાહેદની આરોપીઓના વિધ્વાન વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓ જણાવે છે કે આ જાહેરનામુ હથિયારબંધી અંગેનું જાહેરનામું છે તેમજ આ જાહેરનામુ જે તે સમયે લાઉડ સ્પીકર ધ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલુ કે કેમ તેની તેમને કોઈ જાત–માહિતી નથી તેમજ કોઈપણ ગામડામાં દાંડી ટીપીને આ જાહેરનામાની પ્રસિધ્ધી કરવામાં આવેલી હતી કે કેમ તેની પણ તેમને જાત–માહિતી નથી તેમજ તાલુકા મામલતદારે જે તે વિસ્તારમાં તેની પ્રસિધ્ધી કરાવી રોજકામ કરાવેલ હોય તો તેની પણ કોઈ જાત–માહિતી તેમની પાસે નથી.

સાહેદની જુબાનીનું મુલ્યાંકન કરતા ફરિયાદપક્ષના કેસ મુજબ સાહેદ કલેકટર કચેરી, સુરેન્દ્રનગર એમએજી શાખામાં ફરજ બજાવે છે અને તેઓએ આંક–૭૯ થી રજૂ કરેલ હથિયારબંધીનું જાહેરનામુ વંચાણે લેતાં બનાવતી તારીખે બનાવસ્થળે હથિયારબંધીનું જાહેરનામુ અસ્તીત્વામાં હોવાનું પુરવાર થાય છે.

**૫૦.** અગાઉ ચર્ચા કર્યા મુજબ આરોપી નં.૧ રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટી પાસે બનાવ વખતે છરી હોવાનું અને તે છરી વડે ફરિયાદી રમજાનભાઈ રસુભાઈ જેડાને ગળાના ભાગે ઈજા કરેલાનું પુરવાર થાય છે. જેથી આરોપી નં.૧ રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટીએ જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબનો ગુન્હો કરેલાનું પુરવાર થાય છે જેથી તેઓ પૂરતો મુદ્દા નં.૪ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૫</u> :–**

**૫૧.** મુદ્દા નં.૫ અંગે ઉપરોકત ચર્ચા કર્યા મુજબ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: <u>હુકમ</u> ::**

**૫૨.** આરોપી નં.૨ રફીકભાઈ રહીમભાઈ ભટ્ટી (મીયાણા) તથા આરોપી નં.૩ ઈમરાનભાઈ રહીમભાઈ ભટ્ટી (મીયાણા)નાંઓને ભારતીય દંડ સંહીતાની કલમ ૩૨૩–૩૦૭–૫૦૪–૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના ગુન્હામાં શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**૫૩.** આરોપી નં.૧ રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટી (મીયાણા)ને ભારતીય દંડ સંહીતાની કલમ ૫૦૪ તથા ૩૨૩ સાથે વાંચતા કલમ ૧૧૪ મુજબના ગુન્હામાં શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**૫૪.** આરોપી નં.૧ રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટી (મીયાણા)ને ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૭ મુજબના ગુન્હામાં તથા ગુજરાત પોલીસ ધારાની કલમ ૧૩૫ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

**૫૨.** સજા અંગે આરોપી નં.૧ રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટી (મીયાણા)ને સાંભળવા જરૂરી હોય ચુકાદો મુલત્વી રાખવામાં આવે છે.

આ હુકમ આજ તા.૨૯ માહે નવેમ્બર સને ૨૦૧૯ નાં રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

સુરેન્દ્રનગર.
તા.૨૯–૧૧–૨૦૧૯

**(કુ.સુસાન વેલેન્ટાઈન પિન્ટો)**
**સત્ર ન્યાયાધીશ, સુરેન્દ્રનગર**
**( GJ00416 )**

**૫૩.** સજા અંગે સાંભળ્યા. આરોપી નં.૧ રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટી તરફે વિદ્વાન વ.શ્રી ડી.પી.પાઠકની રજૂઆત છે કે આરોપીનો આ પ્રથમ ગુન્હો છે અને તેનો કોઈ ગુન્હાહિત ઈતિહાસ નથી. આરોપીને બે દીકરાઓ અને એક પુખ્ત વયની દીકરી છે જેના લગ્ન જાન્યુઆરી ૨૦૧૯ માં લીધેલ છે તેમજ સમગ્ર કુટુંબનો આધાર એકમાત્ર આરોપી ઉપર છે જેથી આરોપી ઉપર દયા રાખી ઓછામાં ઓછી સજા કરવા

વિનંતી છે.

**૫૪.** સરકારશ્રી તરફે વિદ્વાન એપીપીશ્રીએ એવી રજૂઆત કરેલ છે કે પડેલ પુરાવાથી આરોપી વિરુધ્ધનો ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૭ તથા ગુજરાત પોલીસ ધારાની કલમ ૧૩૫ નો ગુન્હો પુરવાર થયેલ છે અને આરોપીએ જયારે ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૭ મુજબનો ગંભીર પ્રકારનો ગુન્હો કરેલ હોય ત્યારે આરોપીને કાયદાની જોગવાઈ મુજબ સજા કરવા વિનંતી છે.

**૫૫.** તમામ રજૂઆત તથા આરોપી વિરુધ્ધનો પુરવાર થયેલ ગુન્હો તેમજ ગુન્હાની હકીકત ધ્યાને લેતાં આરોપીએ ફરિયાદી રમજાનભાઈ રસુલભાઈ જેડાનું મોત નિપજાવવાના ઈરાદે ખૂબ જ બળ વાપરી ફરિયાદીના શરીરના મર્મ ભાગ એવા ગળાના ભાગે છરી જેવા હથિયારથી ગંભીર પ્રકારની ઈજા કરેલ હોય તેને હળવાશથી લઈ શકાય નહીં. વધુમાં બનાવ સમયે આરોપી નં.૧ રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટી (મીયાણા)એ ફરિયાદી રમજાનભાઈ રસુલભાઈ જેડાને માત્ર છરીનો એક જ ઘા કરેલ હોય આરોપીને યોગ્ય સજા થવી જોઈએ અને તેથી મારા મંતવ્ય મુજબ આરોપી નં.૧ રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટી (મીયાણા)ને ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૭ નાં ગુન્હા માટે પાંચ વર્ષની સાદી કેદની સજા તથા રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર)નો દંડ તેમજ ગુજરાત પોલીસ ધારાની કલમ ૧૩૫ નાં ગુન્હા માટે ૬ માસની સાદી કેદની સજા તથા રૂા.૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર)નો દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાશે તેમ જણાય છે. જેથી, ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**:: <u>હુકમ</u> ::**

**(૧)** આરોપી નં.૨ રફીકભાઈ રહીમભાઈ ભટ્ટી(મીયાણા)ને તથા આરોપી નં.૩ ઈમરાનભાઈ રહીમભાઈ ભટ્ટી (મીયાણા)ને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૩૫(૧) મુજબ ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૭–૩૨૩–૫૦૪ સાથે વાંચતાં કલમ ૧૧૪ તથા ગુજરાત પોલીસ ધારાની કલમ ૧૩૫ મુજબના ગુન્હામાં શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપી નં.૨ તથા આરોપી નં.૩ નાંએ ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૭(એ) અન્વયે રૂા.૫,૦૦૦/– અંકે રૂપીયા પાંચ હજાર પૂરાના જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કરવા.

**(૩)** આરોપી નં.૧ રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટી(મીયાણા)ને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૩૫(૧) મુજબ ભારતીય દંડ સંહીતાની કલમ ૩૨૩ તથા ૫૦૪ મુજબના ગુન્હામાં શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૪)** આરોપી નં.૧ રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટી(મીયાણા)ને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૩૫(૨) મુજબ ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૭ તથા ગુજરાત પોલીસ ધારાની કલમ ૧૩૫ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

**(૫)** આરોપી નં.૧ રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટી(મીયાણા)ને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૩૫(૧) મુજબ ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૭ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી પાંચ વર્ષની સાદી કેદની સજા તથા રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર)પૂરાનો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ભરવામાં કસૂર કરે તો તેને દંડના બદલામાં એક વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**(૬)** આરોપી નં.૧ રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટી(મીયાણા)ને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૩૫(૧) મુજબ ગુજરાત પોલીસ ધારાની કલમ ૧૩૫ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી ૬ માસની સાદી કેદની સજા તથા રૂા૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર)પૂરાનો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ભરવામાં કસૂર કરે તો તેને દંડના બદલામાં એક માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**(૭)** આરોપી નં.૧ રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટી(મીયાણા)ને ઉપરોકત ફરમાવેલ તમામ સજા એકીસાથે ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**(૮)** ક્રિ.પ્રો.કોડની કલમ ૪૨૮ની જોગવાઈ ઘ્યાનમા રાખતા ઉપરોકત આરોપી નં.૧ રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટી(મીયાણા)નાંએ જેટલો સમય જયુડિશિયલ કસ્ટડીમાં ગાળેલ હોય તેટલો સમય તેને સજામાંથી મજરે આપવાનો હુકમ કરવામાં

આવે છે.

**(૯)** આ ગુન્હાના કામે કબજે કરેલ તમામ મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો અથવા એપેલેટ કોર્ટ હુકમ કરે તે મુજબ નિકાલ કરવાનો આદેશ કરવામાં આવે છે.

**(૧૦)** ક્રિ.પ્રો.કોડની કલમ ૩૬૩ ની જોગવાઈ ઘ્યાનમાં રાખી આરોપી નં.૧ રહીમભાઈ મહંમદભાઈ ભટ્ટી(મીયાણા)નાંઓને આ ચુકાદાની એક ખરી નકલ વિના મુલ્યે તાત્કાલિક અસરથી પૂરી પાડવી.

**(૧૧)** સદરહું ચુકાદાની એક ખરી નકલ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી સુરેન્દ્રનગરનાંને ક્રિ.પ્રો.કોડની કલમ ૩૬૫ મુજબ મોકલવી.

આજરોજ તા.૨૯ માહે નવેમ્બર સને ૨૦૧૯ નાં રોજ ચુકાદો ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સુરેન્દ્રનગર.
તા.૨૯–૧૧–૨૦૧૯.

**(કુ.સુસાન વેલેન્ટાઈન પિન્ટો)**
**સત્ર ન્યાયાધીશ, સુરેન્દ્રનગર**
**( GJ00416 )**